કતરાવેંગે તો મેં ઉનકૂ ભરી સભામેં, યદિ મેરી ધારણાકે અનુસાર વે પઠિત હેં તો, મેરે અનુવાદસૂં સહમત ઘોષિત કર દૂંગો. અન્યથા મેરી ધારણાકે અનુસાર અપઠિત હોયવેપે ભવિષ્યમેં સિદ્ધાન્તવિષયક નિર્ણયાર્થ અયોગ્ય વ્યક્તિ ઘોષિત કર દૂંગો.

આશા હે કિ અબ તો મતભેદ રખનેવાલે મહાનુભાવ ધર્માચાર્યોચિત સ્વધર્મનિર્ધારણસાહસ બટોરકે સામને આયેંગે. અન્યથા રોતે બચ્ચાનકૂ ચુપ કરવેકૂં ઉનકે મૂંહમેં શહદ લગાકે જૈસે રબરકી ટોંટી રખી જાય વૈસી હી હાસ્યાસ્પદ સ્થિતિ પ્રકટ હો જાયેગી!

કિમધિકં સુજ્ઞેષુ ?



## વિષયાનુક્રમણિકા

**વિષયાંક પૃષ્ઠાંક**

**સિદ્ધાન્ત વચનાવલી**


(૧) સેવોપદેશદીક્ષા ૭૩
(૨) સેવાસ્વરૂપ ૮૦
(૩) સેવાપ્રદર્શન ૮૩
(૪) સેવાપ્રયોજન ૮૫
(૫) સેવાસ્થલ ૮૮
(૬) સેવ્યસ્વરૂપ ૯૧
(૭) સેવાર્થ-આજીવિકા ૯૬
(૮) સેવાકર્તા તથા સેવાપરિચારક ૯૭
(૯) સેવોપદેષ્ટા ૧૦૦
(૧૦) ભાગવતકથા ૧૦૮
(૧૧) સ્વસેવ્યસ્વરૂપ-પ્રસાદ-ગ્રહણ ૧૧૦
(૧૨) તીર્થપર્યટન ૧૧૨
(૧૩) આચાર્યવચનાશયનિર્ધારણપ્રકારોપસંહાર ૧૧૩

**પરિશિષ્ટ**

(૧) શરણાગતિ ૧૧૬
(૨) અમૃતવચનાવલી ૧૨૧
(૩) પુષ્ટિ અસ્મિતા ૧૪૫
(૪) પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભાનું સંક્ષિપ્ત વૃત્ત ૧૪૭

## ।।श्रीहरिः।।

## ।।वचनावली।।

## (गुर्जरभाषा-भावानुवाद-सहिता)

(जयति श्रीवल्लभार्यो जयति च विट्ठलेश्वरःप्रभुः श्रीमान्।
पुरुषोत्तमश्च तैश्च निर्दिष्टा पुष्टिपद्धतिर्जयति।।
श्रीवल्लभमताभ्यासे कृपया येन दीक्षितः।।
दीक्षितं तमहं नौमि श्रीतातचरणं सदा।।
श्रीवाक्पतेर्वागनुगामिनां वै सद्यःस्वकर्तव्यविनिश्चयाय।
कृतो मया तद्वचनानुवादः पुष्पोपहारोपम एष नूनम्।
स्वलाभपूजार्थपरायणानां तदीयसिद्धान्तविलोपकानाम्।
भवेत् खलानां खलु मस्तकेषु पदप्रहारोपम एषएव।।)

### (१) सेवोपदेशदीक्षा-विषयकमूलवचनानि

(क)

परमत्र न सर्वेषां फलमुखाधिकारः; किन्तु येषु भगवत्कृपा, कृपापरिज्ञानं च मार्गरुच्या निश्चीयते. तत्र आदितः साधनानि आह-

**कृष्णसेवा परं वीक्ष्य दम्भादिरहितं नरम्।**
**श्रीभागवततत्त्वज्ञं भजेत् जिज्ञासुरादरात्।।**

(त.दी.नि.२।२२७)

'कृष्णसेवापरम्'इति. यो हि गुरुः सेवाम् उपदेक्ष्यति स स्वयं चेत् तां उत्तमां जानीयात् तदा कथं स्वयं न कुर्यादिति **'सेवापर'**एव गुरुः. तत्रापि निमित्तानि वारयति **'दम्भादिरहितम्'**इति. सेवाच प्रमाणमूलैव पुरुषार्थपर्यवसायिनी. अन्यथा मनसि अन्यद् विधाय अन्यथा करणे न फलसिद्धिः इति अभिप्रायेण आह **'श्रीभागवततत्त्वज्ञम्'**इति. **'जिज्ञासु'** नतु कौतुकाद्याविष्टः. 'भजनं'-सर्वभावेन-तदा तदुक्तप्रकारेण भगवत्सेवा कर्तव्या.



(त.दी.नि.प्र.२।२२७)

**'वीक्ष्य'** इत्यनेन मार्गान्तराद् अत्र वैलक्षण्यं ज्ञापितम्. 'ईक्ष'दर्शनामनयोः, 'वि'ना च सम्यक्त्वं परीक्षणे द्योत्यते. तथाच तन्त्रे-**''गुरुः परीक्षयेत् शिष्यम्''** इति वाक्यात् शिष्यो यथा परीक्ष्यते तथा अत्र गुरुः. नोचेद् अतादृशस्य लोकानुगतपशुरूपत्वात् तादृशो अनुसरणे अन्धानुगान्धवद् उभावपि पतेताम्. एतदर्थमेव जलभेदग्रन्थकरणं ज्ञेयम्...तेन ब्रह्मसम्बन्धोपि फलमुखः तस्यैव इति सिद्ध्यति. एवम् अधिकारसूचनेन अनधिकार्यपि व्यावर्तितः.

(त.दी.नि.प्र.आवरणभङ्ग:२।२२७)

(गुर्जरभाषा-भावानुवादः)

(क) આ માર્ગ, પરન્તુ, બધાને ફલદાયક નિવડે તેવો અધિકાર દરેકનો હોતો નથી. તે તો ભગવાનની કૃપા જેઓના ઊપર વરસી હોય તેઓનો જ હોય છે. કોઇકના ઊપર ભગવાનની કૃપા છે કે નહિં તેની ખાતરી તે વ્યક્તિને કૃપયૈકલભ્ય ભક્તિમાર્ગ કે પ્રપત્તિમાર્ગ માં રુચિ છે કે નહિ તેના આધારે કરવી જોઇયે.

જેઓના ઊપર ભગવત્કૃપા વરસી હોય તેઓને માટે શરુઆતથી જ કયા સાધનો છે તેનું નિરૂપણ કરવામાં આવે છે-

**કોઇક પુરુષ કૃષ્ણસેવામાં તત્પર છે કે નહી, દમ્ભાદિ દુર્ગુણોથી રહિત છે કે નહિં; તેમજ શ્રીમદ્‌ભાગવતપુરાણના મર્મનો જાણકાર છેકે નહિ આટલી વાતો સરખી રીતે ચકાસી લીધા પછી જ તેની પાસે ગુરુબુદ્ધિ રાખીને જવું જોઇએ (ત.દી.નિ.૨।૨૨૭).**

જે પુરુષે આ માર્ગમાં ગુરુ તરીકે ભગવત્સેવાનો ઉપદેશ આપવાનો છે તે પોતે ભગવત્સેવાને ઉત્તમ ગણતો હોય તો શા માટે પોતે પણ ભગવત્સેવામાં તત્પર ન થાય? તેથી ગુરુ કૃષ્ણસેવામાં તત્પર તો હોવો જ જોઇયે. તે કૃષ્ણસેવા ભક્તિભાવ શિવાય બીજા કોઇ પણ હેતુ (દંભ-કામ-લોભ-પ્રતિષ્ઠા)થી પ્રેરિત ન હોવી જોઇયે. તેથી ગુરુ થવા જનાર પુરુષમાં દમ્ભાદિ ગુણો ન હોવા જોઇયે. આ ભગવત્સેવા પણ જો યથોપદિષ્ટ પ્રામાણિક હોય તો જ સફલ થાય છે. નહિ તો બુદ્ધિ કે હૃદય માં

કાઁઇક ભળતા જ વિચારો કે ભાવો રાખીને જો સેવા કરવામાં આવતી હોય તો તેવી સેવા સફલ થતી નથી. તેથી ગુરુનું શ્રીમદ્ભાગવતતત્ત્વજ્ઞ હોવું પણ જરૂરી છે. એવા ગુરુને શોધનારો પણ પાછો જિજ્ઞાસુ હોવો જોઇયે. ફક્ત કૌતુક કે તેવા બીજા ભાવો રાખીને નવું-નવું કાંઇક અજમાવી લેવાની મનોવૃત્તિવાલો ન હોવો જોઇયે. તે પછી ગુરુએ ઉપદેશેલ પ્રકારે સર્વભાવથી ભગવત્સેવા કરવી જોઇયે. આ જ ભજન કરવાની સાચી રીતિ છે.(ત.દિ.ની.પ્ર.૨।૨૨૭).

મૂલકારિકામાં **'વીક્ષ્ય'** પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે, તેથી બીજા માર્ગ કરતાં આ માર્ગની વિલક્ષણતા સમજાવવા માગે છે. 'ઇક્ષ' નો અર્થ છેઃ 'જોવું-અંકિત કરવું'. તેની સાથે 'વિ' ઉપસર્ગ જોડીને શ્રીમહાપ્રભુ, ગુરુની પરીક્ષા સરખી રીતે કરવી તેવું સૂચન કરવા માગે છે. જેમ તન્ત્રશાસ્ત્રમાં કહેવાયું છે કે ગુરુએ શિષ્યની પરીક્ષા કરવી જોઇએ તેમ આ માર્ગમાં શિષ્યે ગુરુની પરીક્ષા કરવી જોઇયે તેવો નિયમ છે. નહિ તો જે પુરુષમાં ઊપર જણાવેલ લક્ષણો ન મળતા હોય તેને ગાડરિયા પ્રવાહમાં તણાતો ઢોર જેવો ગણવો જોઇયે. એવાનું અનુસરણ કરવાથી એક આંધળો બીજા આંધળાને અનુસરે અને જ્યારે એક પડે ત્યારે બીજો પણ પડી જાય! એવી કફોડી પરિસ્થિતિ સર્જાયા વિના નહિ રહે. શ્રીમહાપ્રભુએ 'જલભેદ' ગ્રન્થ પણ ગુરુની પરીક્ષા કયા આધારે કરવી તે સમજાવવા જ પ્રકટ કર્યો છે...આવી બધી વાતોની કાળજી રાખ્યા વિના બ્રહ્મસમ્બન્ધદીક્ષા સફલ થતી નથી. આમ બ્રહ્મસમ્બન્ધદીક્ષા આપવામાટે કોણ અધિકારી હોઇ શકે છે તે જણાવીને કોની પાસે બ્રહ્મસમ્બન્ધદીક્ષા ન લેવી તે પણ શ્રીમહાપ્રભુએ સમજાવી દીધુ છે.

(ત.દી.નિ.પ્ર.આવરણભંગ.૨।૨૨૭).

**(ख)**

**माहात्म्यज्ञापनायैव श्रवणं गुणकर्मणाम्।**
**शास्त्राणामुपयोगोऽत्र तत्राकाङ्क्षा गुरोर्भवेत्।।**
**कृष्णसेवापरं वीक्ष्य दम्भादिरहितं नरम्।**
**श्रीभागवततत्त्वज्ञं भजेत् जिज्ञासुरादराद्।।**
**देहद्रोण्या यियासूनां परं पारं भवाम्बुधेः।**
**गुरुणा कर्णधारेण उत्तार्या स्वोपदेशतः।।**

**(साधनदीपिका.९-११).**



(ગુર્જરભાષા-ભાવાનુવાદઃ)

**(ખ)** ભગવન્માહાત્મ્યજ્ઞાન મેળવવા માટે ભગવદ્ગુણો અને ભગવલ્લીલાઓનું શ્રવણ આવશ્યક છે. શાસ્ત્રોની ઉપયોગિતા પણ અહીંજ ઊભી થાય છે. તેથી કૃષ્ણસેવામાં તત્પર, દમ્ભાદિ દુર્ગુણોથી રહિત; તેમજ શ્રીભાગવતના મર્મજ્ઞ હોવાના રૂપમાં સરખી રીતે જોઇ-જાણીને જિજ્ઞાસુએ કોઇક પુરુષને આદરસહિત ગુરુ બનાવીને ભજનમાં પ્રવૃત્ત થઇ જવું જોઇએ. જેઓ પોતાના દેહની હોડકલીથી ભવસાગરને પાર કરવા માગતાં હોય તેઓના કર્ણધાર બનીને ગુરુએ પોતાના સદુપદેશથી તેમને પાર લગાડવા જોઇએ.(સા.દી.૯-૧૧).

**(ग)**

**क्षेत्रप्रविष्टास्ते चापि संसारोत्पत्तिहेतवः**

**(जलभेद.४).**

ननु ब्रह्मवैवर्ते श्रीकृष्णजन्मखण्डे **''कल्याणसूक्तसामानि हरेर्नामैकमङ्गलं कुर्वन्ति विक्रयं ये वै तेषां भारेण पीडिता''** इति ब्रह्माणं प्रति पृथिवीवाक्यात्, **''मन्नामविक्रयी विप्रो नहि मुक्तो भवेद् ध्रुवं मृत्युकाले च मन्नामस्मृतिमात्रं न विद्यते''** इति श्रीनन्दं प्रति भगवद्वाक्याच्च नामविक्रयस्य दोषत्वे शिष्येभ्यो भगवन्नामोपदेशस्यापि दोषत्वापत्तिः, तत्र शिष्योपढौकितग्रहणेन नामविक्रयसम्भवाद् इति चेत्, सत्यम्. तथापि गुरुत्वस्य साहजिकब्राह्मणवृत्तित्वेन अत्याज्यत्वात्...एवञ्च च यत् प्रभुचरणैः उक्तं **''विचार्यैव सदा देयं कृष्णनाम विशेषतः अविचारितदानेन स्वयं दाता विनश्यति''** इति; तत्रापि स्वस्य शिष्यस्य च उद्धारं विचार्यैव देयम्. लोभाद् अविचारितदाने तु नामविक्रयापत्त्या दाता स्वयम् अपराधभाग् भवति इति अर्थो ज्ञेयः.

(जलभेद.श्रीपुरुषोत्तमजीकृत.विवृति ४).

(ગુર્જરભાષા-ભાવાનુવાદઃ)

(ગ) **ઘરગૃહસ્થીના નિર્વાહમાટે ભગવદ્-ગુણગાન કરનારાઓના મુખથી સાંભળવામાં આવેલી ભગવત્કથા સંસારાસક્તિ વધારનારી હોય છે.(જ.ભે.૪)**

અહિંયા એક પ્રશ્ન ઉદ્‌ભવે છે કે બ્રહ્મવૈવર્તપુરાણના શ્રીકૃષ્ણજન્મખંડમાં **''કલ્યાણસૂક્તસામાનિ હરેર્નામૈકમંગલં કુર્વન્તિ વિક્રયં યે વૈ તેષાં ભારેણ પીડીતા''** બ્રહ્માજીને કહેવામાં આવેલ આ પૃથ્વીવચન; તેમજ **''મન્નામવિક્રયી વિપ્રો નહિ મુક્તો ભવેદ્ ધ્રુવં મૃત્યુકાલે ચ મન્નામસ્મૃતિમાત્રં ન વિદ્યતે''** શ્રીનન્દને કહેવામાં આવેલ ભગવદ્વચનના આધારે પણ, ભગવન્નામના વિક્રયને દોષરૂપે ગણવામાં આવ્યો છે. આવી સ્થિતિમાં ગુરુભેટ ધરનાર પોતાનાં શિષ્યને પણ ભગવન્નામોપદેશ દોષરૂપ ગણાશે. કેમકે શિષ્ય દ્વારા ધરવામાં આવતી ભેટ જો સ્વીકારવામાં આવતી હોય તો તે પણ એક જાતનો નામવિક્રય જ થયો કહેવાય! વાત તો સાચી પણ ગુરુત્વ એ બ્રાહ્મણની સહજ અને શાસ્ત્રાનુમોદિત આજીવિકા છે. તેથી તેને ત્યાજ્ય માની શકાતી નથી...વળી શ્રીપ્રભુચરણે જે વાત કહી છે **''પાત્રાપાત્રનો સરખો વિચાર કરીને જ કાંઇ પણ દાન આપવું જોઇયે, તેમાંય શ્રીકૃષ્ણના નામોના દાનમાં તો તે બાબતની કાળજી ખાસ લેવી જોઇયે, નહિ તો વિના વિચારે શ્રીકૃષ્ણના નામનુ દાન કરવાથી સ્વયં દાનકર્તાનો જ વિનાશ થાય છે''**, તેથી પોતાના અને શિષ્યના ઉદ્ધારની કેવલ ભાવના રાખીને જો નામદીક્ષા આપવામાં આવતી હોય તો કોઇ વાંધાજનક વાત નથી. નહિ તો લોભને કારણે પાત્રાપાત્રના વિવેક રાખ્યા વિના જો નામદીક્ષાનું દાન આપવામાં આવે તો નામવિક્રયનો દોષ જ છે કે જેને કારણે દીક્ષાદાતા અપરાધી બને છે (પુરુષોત્તમજીકૃત જ.ભે.વિવૃત્તિ ૪).

(ઘ)

सच दुर्लभइति तेनापि वक्तव्यप्रकारम् आह–

**तदभावे स्वयं वापि मूर्तिं कृत्वा हरेः क्वचित्।**
**परिचर्यां सदा कुर्यात् तद्रूपं तत्रच स्थितम्।।**

**'तदभावे'** इति. **'क्वचिद्'** –देशविशेषे सत्परिपन्थिनाम् अभावयुक्ते, **'हरेः मूर्तिं कृत्वा'** भजेत्. अयमेव अस्य मार्गस्य प्रकारः उत्तमः, यत् मूर्तौ कृतं सर्वं भगवति कृतं भवति.

(त.दी.नि.प्र.२।२२८).



ननु अत्र मूलएव कुठारपात इति आकाङ्क्षायां कलेः बलिष्ठत्वेन अग्रिमेषु गुरुलक्षणाभावम् आलोच्य स्वस्मिन्नेव एतन्मार्गीयगुरुत्वं नियच्छन्त आहुः **'सच'** इत्यादि. **'तदभावे'** इत्यादि आज्ञापनाद् इदं ज्ञात्वा करणे **''यस्त्विच्छया कृतः पुम्भिराभासो ह्याश्रमात्पृथग्''** इति आभासत्वाभावः सेवायाः, तृतीयस्कन्धोक्त–मौढ्याभावश्च सेवाकर्तुः साधितः स्वयमेव सेवाकरणेपि प्रकारविशेषसन्देहे तादृशा यदि मिलन्ति तदा प्रकारांशे प्रष्टव्याः इत्यपि सूचितम्.

(त.दी.नि.प्र.आ.भं.२।२२८).

(गुर्जरभाषा–भावानुवादः)

(ઘ) આવો ગુરુ મળવો તો સહેલ નથી તેથી તેવા કપરા સંજોગમાં શું કરવું તે હવે સમજાવવામાં આવે છે–

**આવો ગુરુ જો ન મળતો હોય તો ભગવાન્‌ની મૂર્તિને (આરાધ્ય) બનાવીને પરિચર્યા = ભજન તો ક્યાંક સદા કરવુંજ જોઇએ, કેમકે મૂર્તિમાં ભગવાન્‌નું રૂપ અને સત્ત્વ બન્ને વિદ્યમાન હોયજ છે.**

કોઇક એવા દેશમાં કે જ્યાં સજ્જનોની સાથે આડાઇ કરનારા લોકો રહેતા ન હોય ત્યાં રહીને હરિની મૂર્તિ (ને આરાધ્ય) બનાવીને ભજન કરી લેવું જોઇએ. ભજનનો આજ પ્રકાર આ માર્ગમાં ઉત્તમ ગણાય છે. ભગવન્મૂર્તિને માટે જે કાંઇ કરવામાં આવે તે સાક્ષાત્ ભગવાન્ માટે કરેલું સમજી લેવું (ત.દી.નિ.પ્ર.૨।૨૨૮).

અહીં એક પ્રશ્ન ઉભો થાય છે કે શ્રીમહાપ્રભુએ જેવા લક્ષણવાળા ગુરુથી દીક્ષોપદેશ લઇને ભગવત્સેવામાં પ્રવૃત્ત થવાનું કહ્યું છે તેવા લક્ષણોથી યુક્ત ગુરુ બળવાન કલિયુગને કારણે જો આગળ જતાં ન મળે તો શું કરવું? આના સમાધાનરૂપે તેવી સ્થિતિમાં આ માર્ગમાં ગુરુપદ પોતાના પૂરતુ મર્યાદિત રાખીને આજ્ઞા આપે છે કે આવી પરિસ્થિતિમાં જાતેજ ભગવત્સેવામાં પ્રવૃત્ત થઇ જવું જોઇએ. આવી શ્રીમહાપ્રભુની આજ્ઞાને શિરોમાન્ય કરીને જે જાતે જ ભગવત્સેવામાં તત્પર થઇ જાય છે તેની તેવી કૃતિમાં ધર્માભાસતા–પાષણ્ડનો આરોપ લાગતો નથી કે જે ધર્માભાસતાને **''યસ્ત્વિચ્છ્યા કૃતઃ પુમ્ભિરાભાસો હ્યાશ્રમાત્ પૃથક્''** વચનમાં નિન્દિત

ઠરાવવામાં આવી છે. ભાગવતના તૃતીયસ્કન્ધમાં પણ જેવી મૂઢતાની નિન્દા કરવામાં આવી છે તે પણ આવી રીતે બરાબર સમજીને સેવા કરનારાની બાબતમાં લાગૂ પડતી નથી. જાતે જ જેઓ ભગવત્સેવામાં પ્રવૃત્ત થયા હોય તેઓ પણ સેવાની બાબતમાં કોઇક વિશેષ માહિતી મેળવવા માંગતા હોય તો તેવા જાણકાર કોઇક ભગવદીયને મળીને મેળવી શકે છે આ પણ આ નિરૂપણથી સૂચિત થાય છે (ત.દી.નિ.પ્ર.આ.ભં.૨।૨૨૮).

## (૨) सेवास्वरूप

(क)

एतदेव सेवास्वरूपम् इति आहुः **'चेत्'** इति –

**चेतस्तत्प्रवणं सेवा तत्सिद्ध्यै तनुवित्तजा ।**

उक्तसेवासाधने इतरे इति आहुः 'तद्' इति. वित्तं दत्त्वा अन्येन पुरुषेण कृत्वा कारिता एका, एतादृशेन पुंसा कृता च अपरा, एतादृश्यौ ते तत्साधिके न इति अभिप्रायज्ञापकं समस्तं पदम्. एतेन भगवदर्थं निरुपधि-स्वसर्वस्व-निवेदन-पूर्वकं तत्रैव स्वदेहविनियोगे प्रेम्णि जाते सा भवति इति भावः.

(श्रीप्रभुचरणकृत-सिद्धान्तमुक्तावली-विवृत्ति २).

तद् चेद् वित्तं वेतनत्वेन दत्त्वा कार्यते तदा सा चित्तस्य राजसत्वं कुर्वन्ती चित्तस्य तत्प्रवणत्वं न करोति. यदि च वित्तं वेतनत्वेन गृहीत्वा क्रियते तदा ऋत्विजो यागवत् स्वस्य तत्प्रवणत्वरूपं फलं न साधयति.

(सि.मु.वि.प्रकाश.२)

(गुर्जरभाषा-भावानुवादः)

(ક) કૃષ્ણસેવાનું આ જ સ્વરૂપ છે જે **'ચેતસ્...'**દ્વારા શ્રીમહાપ્રભુ સમજાવવા માગે છે –

**ચેતસ્=ચિત્તનું કૃષ્ણમાં પ્રવણ=તન્મય થવું તે કૃષ્ણસેવા. તે ચિત્તની કૃષ્ણપ્રવણતારૂપ કૃષ્ણસેવા સિદ્ધ થાય છે તનુવિત્તજા સેવા કરવાથી.**



ચિત્તને કૃષ્ણપ્રવણ કરવાના સાધનો બીજા (=તનુ અને વિત્ત) છે તે શ્રીમહાપ્રભુ સમજાવી રહ્યાઁ છે –'તદ્...'ઇત્યાદિ.... પૈસા આપીને કોઇક બીજા માણસ થકી કરાવવામાઁ આવતી સેવા તે સેવાનો એક પ્રકાર છે; અને આવી રીતે કૃષ્ણસેવામાટે કોઇક બીજા માણસ પાસેથી પૈસા લઇને કરવામાં આવતી સેવા તે સેવાનો બીજો પ્રકાર છે. આવા બન્ને પ્રકારોથી કરવામાં આવતી સેવાઓને કારણે ચિત્ત ક્યારેય કૃષ્ણપ્રવણ બની શકતુ નથી, આવા પોતાના અભિપ્રાયને પ્રકટ કરવા માટે શ્રીમહાપ્રભુએ **'તનુવિત્તજા'** રૂપ સમસ્ત પદનો પ્રયોગ કર્યો છે. આથી સિદ્ધ થાય છે કે કોઇ પણ જાતના લૌકિક ભાવોને આધીન થયા વગર પોતાનું સર્વસ્વ ભગવાનને નિવેદિત કરીને, પોતાના દેહનો પણ વિનિયોગ જ્યારે ભગવાનમાટે કરવામાં આવે, ત્યાર પછી ભગવત્પ્રેમ પ્રકટ થતાં ચિત્ત કૃષ્ણપ્રવણ બની શકે છે(સિ.મુ.વિ.૨).

તે આભ્યન્તરભક્તિસાધક બાહ્યોપાય જો કોઇક તનુજા સેવા કરનાર બીજાને વેતન-તનુજાસેવાના મૂલ્ય-રૂપે વિત્ત આપીને કરાવવામાં આવતી હોય ત્યારે તે વિત્તજા સેવા ચિત્તને રાજસભાવ-દર્પ-દમ્ભ-થી યુક્ત બનાવે છે પણ કૃષ્ણપ્રવણ બનાવી શકતી નથી. જો બીજા કોઇક પાસેથી વિત્ત વેતન-તનુજાસેવાના મૂલ્ય-નારૂપે ગ્રહણ કરીને તનુજા સેવા કરવામાં આવતી હોય ત્યારે ગોરમહારાજને જેમ યજ્ઞયાગનું ફળ મળતું નથી તેમ પારકા પૈસાથી કરવામાં આવતી તનુજા સેવા કરનારને પણ કૃષ્ણપ્રવણતારૂપ ફલ ક્યારેય મળતું નથી(સિ.મુ.વિ.પ્રકાશ.૨).

**(ख)**

**''यद् यद् इष्टतमं लोके... तत् कृष्णे साधयेद् ध्रुवम्''.**

भगवत्सेवायामपि क्लिष्टं न समर्पयेत्...सन्मार्गोपार्जितं, न अन्येषां भागरूपम्... इतरनिषेधार्थम् एतद् उक्तम्.

(त.दी.नि.प्र.२।२३६).

ननु भवतु एवं तथापि भगवति यत् समर्पणीयं तद् उत्तममेव समर्पणीयमिति तदर्थम्-अधिकमपि लोकानुरञ्जनाद्यर्थं प्रतिबन्धकनिवृत्त्यर्थं च... लौकिकचातुर्यप्राप्तौ पुनः बाहिर्मुख्यप्राप्तिरिति तन्निवृत्त्यर्थम् आहुः –

**'भगवद्'** इत्यादि. तथाच एवम् अक्लिष्टस्य सन्मार्गेण उपार्जने तावद् अपि तन्न भविष्यति इति अर्थः एतदेव बोधयितुम् आहुः **'इतर'**इत्यादि.

(त.दी.नि.प्र.आ.भं.२।२३६).

(गुर्जरभाषा–भावानुवादः)

**(ખ) ''જે કાંઈ લોકમાં ઈષ્ટતમ છે...તેને કૃષ્ણની સેવામાં લગાડવું જોઈએ''**. ભગવત્સેવામાં પણ ક્લેશપ્રદ સામગ્રીનું સમર્પણ ન કરવું જોઈએ. સેવામાં સમર્પિત થનાર સામગ્રી પણ સન્માર્ગથી ઉપાર્જિત કરેલી હોવી જોઈએ, એવી કે જેમાં બીજા કોઇકનો હિસ્સો ન હોય. ... અન્ય પ્રકારે ઉપાર્જિત સામગ્રીના વિનિયોગનો નિષેધ કરવા આ વાત કહેવામાં આવી છે (ત.દી.નિ.પ્ર.આ.ભં.૨।૨૩૬).

અહીં એક પ્રશ્ન ઊભો થાય છે કે ભગવત્સેવામાં જે કાંઈ વસ્તુ કે સામગ્રી ભગવાનને સમર્પિત કરવાની હોય તે ઉત્તમ તો હોવી જ જોઇયે તેના માટે; તેમજ લોકોને ખુશ કરવા માટે અથવા તો પ્રતિબન્ધો દૂર કરવા માટે પણ ક્યારેક વધૂ પ્રમાણમાં પણ સમર્પિત કરવામાટે, કાંઇક લૌકિક ચતુરાઇ તો વાપરવી જ પડતી હોય છે. આમ બહિર્મુખ થવાની શક્યતા તો કાયમ રહે જ છે. આ આશંકિત બહિર્મુખતાની નિવૃત્તિનો ઉપાય સમજાવવા શ્રીમહાપ્રભુએ 'ભગવત્....'પદનો પ્રયોગ કર્યો છે. આમ ક્લેશરહિત વસ્તુ પણ જ્યારે સન્માર્ગથી મેળવેલી હોય તો કદાચ બહિર્મુખતા નહિ ઉદ્ભવે એવો આશય છે. આ જ વાતને સમજાવવા શ્રીમહાપ્રભુએ અન્ય...' પદનો પ્રયોગ કર્યો છે (ત.દી.નિ.પ્ર.આ.ભં.૨।૨૩૬).

**(ग)**

**स्वमार्गीयप्रकारोऽयं सर्वोपि हि निरूप्यते।**
**गृहीत्वा नाम शरणं गत्वा सर्वं समर्प्य च।।**
**सेवासार्थकतासिद्ध्यै देहादीनां तथा पुनः।**
**अन्यत्राविनियोगाय क्रियतां तनुवित्तजा।।**

(श्रीहरिरायजीकृत–स्वमार्गीय–शरण–समर्पण–सेवा–निरूपणम्.१–३).

(गुर्जरभाषा–भावानुवादः)



(ગ) સ્વમાર્ગીય સાધનાના આ બધા પ્રકારને નિરૂપિત કરવામાં આવે છે. નામ પામીને, શરણદીક્ષા લઇને; તથા બધું જ સમર્પણ કરીને સેવા અને દેહાદિની એવી સાર્થકતા સિદ્ધ કરવા માટે, જેથી કરીને દેહાદિનો ક્યાંક અન્યત્ર વિનિયોગ ન થઇ જાય, તનુવિત્તજા સેવા કરવી જોઇએ (સ્વ.શ.સ.સે.નિ.૧–૩).

**(घ)**

यस्तु स्वमार्गीय–सेवास्वरूप–ज्ञानाभाववान् मार्गरीत्या श्रद्धया यथाकथञ्चित् स्वरूपसेवां चेत् करोतीति तत्सेवायाः केवलभौतिकत्वात् **''लोकार्थी चेद् भजेत् कृष्णम्''** इति न्यायस्य जातत्वात् तदा सर्वथा संक्लिष्टो भवति, तदा भजनत्यागः.

(स्वरूपतारतम्यनिर्णय).

(गुर्जरभाषा–भावानुवादः)

(ઘ) જેને સ્વમાર્ગીય સેવા–સ્વરૂપનું જ્ઞાન ન હોય એવી વ્યક્તિ જ્યારે માર્ગની ફક્ત રૂઢી મુજબ, સમજ વીનાની કોરી શ્રદ્ધાને આધારે, જેમ–તેમ સ્વરૂપસેવા કરવા મંડે તો તેવી સેવા કેવળ આધિભૌતિક સેવા હોય છે. તે સ્થિતિમાં **''લોકાર્થી ચેદ્ ભજેત્ કૃષ્ણમ્...''** ન્યાય પ્રમાણે એવો સેવાકર્તા ક્લેશ જ પામે છે. ત્યારે ભજન છોડી દેવું જોઇએ (સ્વ.તા.નિ.)

## (३) सेवाप्रदर्शन

**(क)**

भगवद्भावस्य रसात्मकत्वेन गुप्तस्यैव अभिवृद्धिस्वभावकत्वाद् आश्रमधर्मैरेव लोके स्वं भगवद्भावम् अनाविष्कुर्वन् भजेत् इत्येतदाशयेन ते धर्मा उक्ताः. गोपने मुख्यं हेतुम् आह **'अन्वयाद्'** इति. यतो भगवता समम् अन्वयं=सम्बन्धं प्राप्य वर्तते, अतो हेतोः तथा. अत्र **''ल्यब्लोपे पञ्चमी''** एतेन यावद् अन्तःकरणे साक्षात् प्रभो प्राकट्यं नास्ति, तावदेव बहिराविष्करणं भवति, प्राकट्ये तु न तथा सम्भवति इति ज्ञापितम्.

(अणुभाष्य.३।४।४९).

(गुर्जरभाषा-भावानुवादः)

(ક) ભાવ ગુપ્ત રહે તો જ વૃદ્ધિંગત થઇ શકે છે. તેથી જગતમાં પોતાના આશ્રમધર્મોની આડમાં પોતાના ભગવદ્ભાવને ગુપ્ત રાખીને ભગવદ્ભજન કરવું જોઇએ. આ હેતુસર જ ભગવદ્ભાવની સાથોસાથ આશ્રમધર્મોનું પણ નિરૂપણ કરવામાં આવ્યું છે. જેના હૃદયમાં પ્રભુ પ્રકટ નથી બીરાજતા તેજ પોતાના ભાવોને ખુલ્લેઆમ પ્રદર્શિત કરતો હોય છે. જો પ્રભુ હૃદયમાં બિરાજતા હોય તો ભાવોનું ઉઘાડેછોગ પ્રદર્શન સંભવ નથી (અણુભાષ્ય.૩।૪।૪૯).

**(ख)**

**स्वीयान् भक्तान् प्रदर्शयेत्.**

**(साधनदीपिका.१०८)**

(गुर्जरभाषा-भावानुवादः)

**(ખ) જેઓ પોતાના સ્વજન હોય અને ભક્ત હોય તેઓનેજ શ્રીઠાકોરજીના દર્શન કરાવવા જોઇએ. (સાધનદીપિકા.૧૦૮).**

**(ग)**

३८तमो अपराधः = गुरुदेवतयोः गुप्तप्रकटीकरणम्. फलं = श्वानयोनित्रयम्.

११अपराधः = अवैष्णवस्य स्वसेव्यप्रदर्शनम्. फलं = वार्षिकसेवा--निष्फलत्वम्. प्रायश्चित्तं = पञ्चामृतस्नानम्.

३६तमो अपराधः = भगवन्नाम्ना याचनम्. फलम् = उपचारनैष्फलम् प्रायश्चित्तं = पञ्चगुणित-नैवैद्य-दानम्.

३५तमो अपराधः = गुर्वाज्ञोल्लङ्घनम्. फलम् = असिपत्रादि-घोर-नरक-पातः. प्रायश्चितम् = वैष्णव-गुरु-प्रसादनम्.

(श्रीहरिरायजी-विरचित-षट्पष्ठिरपराधस्तत्फलानि-प्रायश्चित्तानि-च).



(गुर्जरभाषा-भावानुवादः)

(ગ) ૩૮મો અપરાધ: ગુરુ કે દૈવત (=શ્રીઠાકુરજી ની વાતો) ના ગુપ્ત-રહસ્યને પ્રકટ કરવું. ફલ: ત્રણ જન્મો સુધી શ્વાનયોનિ.

૧૧મો અપરાધ: અવૈષ્ણવ સમક્ષ પોતાને ઘરે બીરાજતા શ્રીઠાકોરજીનું પ્રદર્શન કરવું. ફલ: એક વર્ષની સેવા નિષ્ફલ થઇ જાય છે. પ્રાયશ્ચિત: શ્રીઠાકોરજીને પંચામૃતથી સ્નાન કરાવવું.

૩૬મો અપરાધ: શ્રીઠાકોરજી (શ્રીભાગવત કે શ્રીયમુનાજીની લોટીજી) ના નામે ('ભેટ' 'સામગ્રી', 'પોથીસેવા' કે 'ન્યોછાવર') માંગવું. ફલ: સેવા સર્વથા નિષ્ફલ બની જાય છે. પ્રાયશ્ચિત: જેટલું માંગ્યું કે ભેગું કર્યુ હોય તેનાથી પાંચગણુ નૈવેદ્ય પ્રભુને દાન (નહિ કે સમર્પણ!) રૂપે આપવું.

૩૫મો અપરાધ: ગુરુ-શ્રીમહાપ્રભુ-ની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું. ફલ: અસિપત્ર વગેરે નામોવાળા ઘોર નરકોંમાં પાત. પ્રાયશ્ચિત: વૈષ્ણવ અને ગુરુને પ્રસન્ન કરવા (શ્રીહરિ.વિ.ષટ્).

## (४) सेवाप्रयोजन

**(क)**

**न लौकिकः प्रभुः कृष्णो मनुते नैव लौकिकम्।**
**भावस्तत्राप्यस्मदीयः सर्वस्वश्चैहिकश्च सः।।**
**परलोकश्च तेनायं सर्वभावेन सर्वथा।**
**सेव्यः सएव गोपीशो विधास्यत्यखिलं हि नः।।**

(शिक्षापद्यानि)

(गुर्जरभाषा-भावानुवादः)

**(ક) ન તો શ્રીકૃષ્ણ લૌકિક પ્રભુ છે કે ન તે ક્યારેય લૌકિક ભાવોનો અંગીકાર કરે છે. અમારો ભાવ તો શ્રીકૃષ્ણની બાબતમાં આ જ છે કે શ્રીકૃષ્ણ અમારા સર્વસ્વ**

છે, ઐહિક પણ અને પારલૌકિક પણ. તેથી સર્વભાવથી સર્વથા સેવ્ય તે ગોપીશ જ છે. તેઓ જ અપણું બધું કરશે (શિક્ષાપદ્ય).

(ख)

**''लौकार्थी चेद् भजेत् कृष्णं क्लिष्टो भवति सर्वथा।''**

**(सि.मु.१६).**

ननु कश्चिद् जीविकाद्यर्थमपि भजते तस्य का गतिः ? इत्यत आहुः **'लोकार्थी'** इति. 'लोक'पदेन लौकिको अर्थः उच्यते. तदर्थी चेत् कृष्णं भजेत् तदा व्यापारवद् अर्थे सिद्धे तस्यापि अनर्थरूपत्वेन तत्कृतभजनस्य भक्तित्वाभावात् तत्कृतं सर्वं क्लेशरूपमेव, अतः क्लिष्टो भवति इति अर्थः. न केवलम् ऐहिकः क्लेशः किन्तु परलोकोपि नश्यति निषिद्धाचरणादिति 'सर्वथा' इति उक्तम्. यस्य स्वल्पमपि ज्ञानं स नैवं करोति; सर्वथा तद्रहितः कश्चिद् एवं कुर्यादपि इति 'चेद्' इति उक्तम्. (श्रीप्रभुचरणविरचित-सि.मु.विवृत्ति.१६).

(गुर्जरभाषा-भावानुवादः)

**(ખ)''જો કોઇક લોકાર્થી કૃષ્ણનું ભજન કરે તો તે સર્વથા કલેશને જ પામે છે.''(સિ.મુ.૧૬).**

કોઇ આજીવિકા કે યશ વગેરે કમાવવા માટે ભજન કરે તો તેની શી ગતિ થાય ? તેવી જિજ્ઞાસાના સમાધાનાર્થે શ્રીમહાપ્રભુજીએ આ શ્લોક કહ્યો છે. 'લોક'નો અર્થ છે લૌકિક ધનાદિ. તેવી કામના રાખી જો કોઇ કૃષ્ણને ભજે તો જેમ ધંધો કરતા ધનાદિ પ્રાપ્ત થાય છે તેમ ધનાદિ તો પ્રાપ્ત થાય છે. તે ધન, પરન્તુ, અનર્થરૂપ જ હોવાથી તથા તેવાઓનું ભજન ભક્તિરૂપ ન હોવાથી તેમનું કરેલું સર્વ (પારિવારિક-સામાજિક-સાંપ્રદાયિક) કલેશરૂપ જ થાય છે. તેથી તે વ્યક્તિ પણ અંતે કલેશ જ પામે છે-એવો શ્રીમહાપ્રભુજીના કથનનો સાફસાફ અર્થ છે. વાત કેવળ ઐહિક (એટલે કે પરિવાર-સમાજ-સંપ્રદાય) માં કલેશ પર નથી અટકતી, પરલોકના અધિકાર અને ફલ નો પણ આવા નિષિદ્ધાચરણને કારણે નાશ થાય છે. એ સ્પષ્ટ કરવા શ્રીમહાપ્રભુએ 'સર્વથા' એમ કહ્યું. જેને (શાસ્ત્ર-માર્ગ-પરંપરા-



ભગવત્સ્વરૂપ-ભક્તિભાવ-નીતિનું) અત્યલ્પ પણ જ્ઞાન કે સંસ્કાર હોય છે તે આવું કુકૃત્ય કરી શકતો નથી, પણ કોઇ રડ્યોખડ્યો આવા જ્ઞાન અને સંસ્કાર થી સર્વથા રહિત જ હોય તે આવું કરી પણ બેસે એ સંભાવનાને ન નકારતાં શ્રીમહાપ્રભુએ 'જો' એમ કહ્યું.(શ્રીપ્રભુ.વિ.સિ.મુ.વિ.૧૬).

(ग)

**तस्य सेवां प्रकुर्वीत यावज्जीवं स्वधर्मतः।**
**न फलार्थं न भोगार्थं न प्रतिष्ठाप्रसिद्धये।।**
**श्रीमदाचार्यमार्गेण नान्येनापि कदाचन।**
**न कल्पितप्रकारेण न दुर्भावसमन्वयात्।।**

**(शिक्षापत्रम् १८।१२-१३).**

(गुर्जरभाषा-भावानुवादः)

(ગ)પોતાને માથે બિરાજતા શ્રીઠાકોરજીની સેવા સ્વધર્મ (પોતાના તન-મન-ધન-ગૃહ-પરિવારના જ વિનિયોગને) નભાવતાં કરવી જોઇએ. કોઇ ફલ કે ભોગ કે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા માટે નહીં, વળી તે સેવા પણ શ્રીમદાચાર્યચરણદ્વારા નિર્દિષ્ટ માર્ગને અનુસાર જ કરવી જોઇએ (સંગઠન-પ્રશિક્ષણ-જનકલ્યાણના લોકાભિમત કહેવાતા ઉદાત્ત આશયના) કલ્પિત પ્રકારોથી નહિ. અને દુર્ભાવ (બીજા કોઇક જાહેર કે વ્યાવસાયિક મંદિરોની સાથે ચડસાચડસી)ને વશીભૂત થઇને નહિ.(શિક્ષાપત્ર.૧૮।૧૨-૧૩).

## (५) सेवास्थल

(क)

**बीजदार्ढ्यप्रकारस्तु गृहे स्थित्वा स्वधर्मतः...भजेत् कृष्णम्...**

**(भक्तिवर्धिनी.२).**

**'तु'** शब्देन एतदतिरिक्तप्रकारान्तरव्युदासः उक्तः स्वमार्गीयभगवद्भजनं तु गृहस्थित्यभावे न संभवतीति पूर्वं गृहस्थितिमेव आहुः **'गृहे स्थित्वा'** इति. भगवद्भजनानुकूले गृहे स्थित्वा **स्वधर्मतः कृष्णं भजेत्**.

(श्रीगोकुलनाथजीकृतविवृति.२)

अत्र गृहस्थान-विधानेन स्वगृहाधिष्ठित-स्वरूप-भजन-परित्यागेन अन्यत्र तत्करणे भक्तिः न भवति इति सूचितं भवति.

( श्रीवल्लभात्मज-श्रीबालकृष्णजीकृतविवृत्ति.२ )

(गुर्जरभाषा-भावानुवादः)

**(ક) ''પુષ્ટિભક્તિના બીજભાવને દઢ કરવાનો પ્રકાર તો બસ ઘરમાં રહિને સ્વધર્મતઃ ... કૃષ્ણને ભજવું છે.(ભક્તિવર્ધિની.૨).**

અહિયાં **'તો'** શબ્દના પ્રયોગથી એવો ધ્વનિ નીકળે છે કે આ શ્લોકમાં અભિપ્રેત સ્વમાર્ગીય ભજનનાં પ્રકારથી અતિરિક્ત ભજનનો અન્ય કોઇ પણ પ્રકાર સિદ્ધાન્તાભિમત નથી જ. સ્વમાર્ગી ભગવદ્ભજન ઘરમાં રહ્યા વિના સંભવતું નથી તેથી સર્વપ્રથન ગૃહસ્થિતિનું જ નિરૂપણ શ્રીમહાપ્રભુ **''ઘરમાં રહીને''** એ વિધાન દ્વારા કરે છે. ભગવદ્ભજનાનુકૂલ ઘરમાં રહીને કૃષ્ણને ભજવા જોઇએ. (શ્રીગો.વિ.૨).

અહિયાં સેવોપયોગી સ્થાન તરીકે ઘરનું વિધાન કરવામાં આવ્યું છે તેથી જો પોતાના ઘરમાં બીરાજતા પ્રભુનુ ભજન છોડીને બીજે કશે ભજન( ભેટસામગ્રી, મનોરથ કે ઝાંખી રૂપે ) કરવામાં આવે તો તેને 'ભકિત' ન કહેવાય. (શ્રીવલ્લ.બાલ.વિ.૨).

**(ख)**

**गूढलीलापरो भक्तगूढभावरसात्मकः ।**
**सेवनीयः सावधानैः विपरीतगतिक्रियः ।।**



**श्रीमदाचार्यकृपया तिष्ठति स्वगृहे हरिः ।**
**एवंविधः सदा हस्ते योगिनः पारदो यथा ।।**

**(शिक्षापत्रम्.२।१८-१९).**

(गुर्जरभाषा-भावानुवादः)

(ખ) ગૂઢલીલાપરાયણ ભક્તના ગૂઢભાવાનુસારી વિપરીત-ગતિ-ક્રિયા-વાળી લીલા કરનારા શ્રીહરિની સેવા કાળજી સાથે કરવી જોઇએ. શ્રીમદાચાર્યચરણની કૃપાથી પ્રભુ આપણા ઘરમાં બીરાજે છે, એમ કે જેમ યોગીના હાથમાં પારાની ગોળી (શિક્ષા.૨।૧૮-૧૯).

**(ग)**

**गृहे स्थित्वा सेवनार्थं स्वधर्मेणैव सर्वथा ।**
**कृष्णं भजेत् यतोऽधर्मकरणात् हीनयोनिता ।।**
**कृष्णमूर्तौ यथालब्धैः द्रव्यैः संपूजयेद् हरिम् ।**
**पूर्वं स्थानं मन्दिरादि तथा सिंहासनादि च ।।**
**(श्रीहरिरायजीकृत-स्व.श.स.से.निरूपणम्.४५-४६).**

(गुर्जरभाषा-भावानुवादः)

(ગ) ઘરમાં રહીને જે સેવા કરવાની કીધી છે તે સર્વથા સ્વધર્માનુસાર જ કૃષ્ણભજનના રૂપમાં કરવાની છે, કારણકે અધર્મ કરતાં હીનયોનિમાં જન્મ મળી શકે છે. યથાલબ્ધ દ્રવ્યોંથી હરિનું પૂજન તેમની મૂર્તિના રૂપમાં કરવું જોઇએ. હરિપૂજન કરતાં પહેલા શ્રીહરિના બિરાજવાના સ્થાનરૂપ મંદિરાદિ અને સિંહાસનાદિ નું પણ અલંકરણાત્મક પૂજન કરવું જોઇએ (શ્રીહરિ.સ્વ.શ.સ.સે.નિ.૪૫-૪૬).

**(घ)**

**'आचार्यकुलाद्'** इति श्रुत्युक्तरीत्या गृहएव स्थित्वा भगवद्भजनं कर्तव्यं स्वधर्मरहस्यं च गोपनीयम् इति सिद्धम्.

(श्रीपुरुषोत्तमजीकृत-अणुभाष्यप्रकाश.३।४।५०).

(ગુર્જરભાષા-ભાવાનુવાદઃ)

**(ઘ)** **''આચાર્યકુલાદ્''** આ શ્રુતિમાં કહેલ રીતિ પ્રમાણે ઘરમાં જ રહીને ભગવદ્ભજન કરવું જોઇએ અને પોતાના ધર્મના રહસ્ય ને ગુપ્ત રાખવું જોઇએ (અણુભા.પ્ર.૩।૪।૫૦)

## (६) सेव्यस्वरूप

**(क)**

**गुप्तो हि रसः रसत्वमापद्यते = अगुप्तो रसः रसाभासःस्यात्.**

**(सुबो.१०।१८।५ = १०।५६।४४).**

(ગુર્જરભાષા-ભાવાનુવાદઃ)

**(ક)** ગુપ્ત રાખવાથી જ રસ રસ રહી શકે છે = પ્રકટ થતાં તે જ રસ રસાભાસ બની જાય છે (સુબો.૧૦।૧૮।૫ = ૧૦।૫૬।૪૪).

**(ख)**

सच दुर्लभइति तेनापि वक्तव्यं प्रकारम् आह-

**तदभावे स्वयं वापि मूर्तिं कृत्वा हरेः क्वचित्।**

**परिचर्यां सदा कुर्यात् तद्रूपं च तत्र च स्थितम्।।**

**'तदभाव'** इति. **'क्वचिद्'** देशविशेषे सत्परिपन्थिनाम् अभावयुक्ते **'हरेः मूर्तिं कृत्वा'** भजेत्. अयमेव अस्य मार्गस्य प्रकारः उत्तमो यत् मूर्तौ कृतं सर्वं भगवति कृतं भवति. तत्र मूर्तेः भगवत्त्वं त्रेधा निरूपयति **'तद्रूपम्'** इति. वस्तु विचारेण सर्वस्य भगवद्रूपत्वाद् विशेषस्तु अयम् : **''एनम् उद्धरिष्यामि''** इति तदा मृदादेः प्रादुर्भूतो भक्तिमार्गानुसारेण आह **'तत्र च स्थितम्'** इति. (त.दी.नि.प्र.२।२२८).



ननु अत्र मूलएव कुठारपात इति आकाङ्क्षायां कलेः बलिष्ठत्वेन अग्रिमेषु गुरुलक्षणाभावम् आलोच्य स्वस्मिन्नेव एतन्मार्गीयगुरुत्वं नियच्छन्त आहुः **'स च'** इत्यादि. **'तदभाव'** इत्यादि आज्ञापनाद् इदं ज्ञात्वा करणे, **''यस्तु इच्छया कृतः पुम्भिः आभासो ह्याश्रमात् पृथग्''** इति आभासत्वाभावः सेवायाः तृतीयस्कन्धोक्तमौढ्याभावश्च सेवाकर्तुः साधितः स्वयमेव सेवाकरणेपि प्रकार-विशेष-सन्देहे तादृशा यदि मिलन्ति तदा प्रकारांशे प्रष्टव्याः इत्यपि सूचितम्.

(त.दी.नि.आ.भ.२।२२८).

(ગુર્જરભાષા-ભાવાનુવાદઃ)

**(ખ)** આવો ગુરુ મળવો તો સહેલ નથી તેથી તેવા કપરા સંજોગોમાં શું કરવું તે હવે સમજાવવામાં આવે છે -

**આવો ગુરુ જો ન મળતો હોય તો ભગવાન્ની મૂર્તિને (આરાધ્ય) બનાવીને પરિચર્યા = ભજન તો ક્યાંક સદા કરવુંજ જોઇએ. કેમકે મૂર્તિમાં ભગવાનના રૂપ અને સત્ત્વ બન્ને વિદ્યમાન હોયજ છે.**

કોઇક એવા દેશમાં કે જ્યાં સજ્જનોની સાથે આડાઇ કરનારા લોકો ન રહેતા હોય ત્યાં રહીને હરિની મૂર્તિને (આરાધ્ય) બનાવીને ભજન કરી લેવું જોઇએ. ભજનનો આજ પ્રકાર આ માર્ગમાં ઉત્તમ ગણાય છે. ભગવન્મૂર્તિને માટે જે કાંઇ કરવામાં આવે છે તે સાક્ષાત્ ભગવાન્ માટે કરેલું જ સમજી લેવું (ત.દી.નિ.પ્ર.૨।૨૨૮).

અહીં એક પ્રશ્ન ઉભો થાય છે કે શ્રીમહાપ્રભુજીએ જેવા લક્ષણવાળા ગુરુથી દીક્ષોપદેશ લઇને ભગવત્સેવામાં પ્રવૃત્ત થવાનું કહ્યું છે તેવા લક્ષણોથી યુક્ત ગુરુ બળવાન કલિયુગને કારણે જો આગળ જતાં ન મળે તો શું કરવું? આના સમાધાનરૂપે તેવી સ્થિતિમાં આ માર્ગમાં ગુરુપદ પોતાનાજ પુરતુ મર્યાદિત રાખીને આજ્ઞા આપે છે કે આવી પરિસ્થિતિમાં જાતેજ ભગવત્સેવામાં પ્રવૃત્ત થઇ જવું જોઇએ. આવી શ્રીમહાપ્રભુની આજ્ઞાને શિરોમાન્ય કરીને જે જાતે જ ભગવત્સેવામાં તત્પર થઇ જાય છે તેની તેવી કૃતિમાં ધર્માભાસતા-પાષણ્ડનો આરોપ લાગતો નથી કે જે ધર્માભાસતા **''યસ્તુ ઇચ્છયા કૃતઃ પુમ્ભિઃ આભાસો હ્યાશ્રમાત્ પૃથક્''** વચનમાં

નિન્દિત ઠરાવવામાં આવી છે ભાગવતના તૃતીયસ્કન્ધમાં પણ જેવી મૂઢતાની નિન્દા કરવામાં આવી છે, તે પણ આવી રીતે બરાબર સમજીને સેવા કરનારાની બાબતમાં લાગૂ પડતી નથી. જાતે જ જેઓ ભગવત્સેવામાં પ્રવૃત્ત થયા હોય તેઓ પણ સેવાની બાબતમાં કોઇક વિશેષ માહિતી મેળવવા માંગતા હોય તો તેવા જાણકાર કોઇક ભગવદીયને મળીને મેળવી શકે છે આ પણ આ નિરૂપણથી સૂચિત થાય છે (ત.દી.નિ.પ્ર.આ.ભં.૨।૨૨૮).

**(ग)**

**गुरुदत्तां स्वयंलब्धां भक्तैरपि सुपूजिताम्।**
**व्यंगांगीमपि सेवेत यदि भावो न बाधते।।**
**(साधनदीपिका.९०).**

(ગુર્જરભાષા–ભાવાનુવાદઃ)

(ગ) ભગવત્સ્વરૂપ ગુરુએ આપણા માંથે પધરાવી આપ્યું હોય, કે આપણને જાતે જ ક્યાંક થી પ્રાપ્ત થયું હોય, કે બીજા કોઇક ભક્ત દ્વારા સુપૂજિત હોય; કે પછી ખંડિત પણ કેમ ન હોય, પરન્તુ છે તો ''મારા માથે બીરાજતું સેવ્યસ્વરૂપ'' એવો ભાવ જો આપણો તે સ્વરૂપમાટેનો અખંડિત જ હોય ('વોલ્ટેજ' ઓછા ન લાગતા હોય) તો તેવા સ્વરૂપની જ સેવા અનન્યભાવથી કરવી જોઇએ (સાધનદીપિકા.૯૦).

**(घ)**

**सेवाविधिः समग्रोपि क्रमेणैव विलिख्यते।**
**प्रकारोत्तमतः पूर्वं मूर्तौ सेवा विधीयते।।**
**मूर्तौ भगवतो ज्ञानं साकारावेशतो मतम्।**
**भक्तिमार्गप्रकारेण ज्ञानतस्तु तदात्मता।।**
**पूजामार्गे भवेन्मन्त्रविधानात् पूज्यसेवनम्।**
**विशेषो भक्तिमार्गेऽयं पुरुषोत्तमरूपिणः।।**
**मणिस्पर्शेन ताम्रादि सौवर्णमिव तत्त्वतः।**
**अतस्तत्र कृतं सर्वं साक्षात्कृष्णे कृतं भवेत्।।**
(श्रीहरिरायजीकृत–स्व.श.स.से.निरूपणम्.३९–४१).

(ગુર્જરભાષા–ભાવાનુવાદઃ)

(ઘ) હવે અનુક્રમે સમગ્ર સેવાવિધિ લખવામાં આવે છે. ઉત્તમપ્રકાર હોવાથી પ્રથમ મૂર્તિની સેવા કહેવામાં આવે છે. ભક્તિમાર્ગના હિસાબે મૂર્તિમાં પ્રભુનું જ્ઞાન, આકારમાં પ્રભુ આવિષ્ટ થાય છે તે પ્રક્રિયાથી માનવામાં આવે છે. જ્ઞાનની દષ્ટિએ જોતાંતો બધું જ ભગવદાત્મક હોવાથી મૂર્તિ પણ સાક્ષાત્ ભગવદ્રૂપ જ છે. પૂજામાર્ગના અનુસાર મન્ત્રવિધાનથી પૂજ્ય પ્રભુની સેવા પ્રાપ્ત થાય છે. જ્યારે ભક્તિમાર્ગમાં અન્ય બે માર્ગથી વિશેષતા એ છે કે મૂર્તિ અહીં સ્વયં પુરુષોત્તમરૂપ છે (વિભૂતિ, પ્રતિનિધિ કે માત્ર અક્ષરાત્મક નહિં) જેમ પારસમણિના સ્પર્શથી ત્રાંબાનું પાત્ર વસ્તુતઃ સુવર્ણ બની જાય છે તેમ જ મૂર્તિ માટે કરવામાં આવેલ ભક્ત્યુપચાર તત્ત્વતઃ સાક્ષાત્શ્રીકૃષ્ણને માટે કરવામાં આવેલ ભક્ત્યુપચાર બની જાય છે (શ્રીહરિ.સ્વ.શ.સ.સે.નિ.૩૯–૪૧).

**(ङ)**

**स्वमार्गसेव्यरूपस्य चिन्तने रीतिरुच्यते।**
**...तदेकहृदयस्थायी तद्भावः कृष्णएव हि।**
**लीलासहस्रवलितः सामग्रीसहितस्तथा।**
**भावनीयः सदानन्दः सदा नन्दादिलालितः।।**
**इदमेवोक्तम् आचार्यैः सिद्धान्तस्य निरूपणे।**
**''आत्मानन्दसमुद्रस्थं कृष्णमेवे''ति यद्वचः।।**
**तदाशयस्तु विवृतः कृपयैव प्रभोर्मया।**
**अवगत्य जनाः सर्वे चिन्तयन्तु हरिं सदा।।**
**(श्रीमत्प्रभोश्चिन्तनप्रकारः.१–१३).**

(ગુર્જરભાષા–ભાવાનુવાદઃ)

(૬) હવે સ્વમાર્ગીય સેવ્યસ્વરૂપના ચિન્તનનો પ્રકાર કહેવામાં આવે છે... પુષ્ટિભક્તના હૃદયમાં સ્થિત જે ભક્તિભાવ છે તે નિશ્ચિત શ્રીકૃષ્ણ જ છે કે જેઓ અનેક લીલાયુક્ત છે અને તે તે લીલાઓની સામગ્રી સહિત બીરાજમાન છે એવા સદાનન્દ અને સદા શ્રીનન્દાદિ વ્રજભક્તોદ્વારા સેવ્યમાન શ્રીકૃષ્ણનું જ ભાવન કરવું જોઇએ. સિદ્ધાન્તમુક્તાવલીમાં ''આત્માનન્દસમુદ્રમાં સ્થિત શ્રીકૃષ્ણનું જ ચિન્તન કરવું જોઇએ''આ વચનદ્વારા શ્રીમહાપ્રભુએ આ જ બતાવ્યું છે. પ્રભુની કૃપાથી જ તેના આશયનું મેં વિવરણ કર્યું છે. તેઓની કૃપાથી સ્વમાર્ગીય ચિન્તનનું સ્વરૂપ જાણીને સર્વે પુષ્ટિમાર્ગીઓ સદા હરિનું ચિન્તન કરે એવી મારી શુભકામના છે (શ્રીહરિ.શ્રી.પ્રભુ.ચિન્ત.પ્ર.૧-૧૩).

**(च)**

**भक्तिमार्गास्थितैः श्रीमदाचार्यपदसंश्रितैः ।**

**सेव्यमानं सदा भावैः निरोधं साधयेद् ध्रुवम् ।।**

(स्वमार्गीयस्वरूपस्थापनप्रकारः१८).

(गुर्जरभाषा-भावानुवादः)

**(ચ)** શ્રીમદાચાર્યચરણોના આશ્રયનું સૌભાગ્ય પામનારા ભક્તિમાર્ગીઓદ્વારા પુષ્ટિભાવો થકી જ (નહિ કે પ્રવાહી ભાવોથી) સદા સેવ્યમાન પ્રભુ નિઃસન્દેહ નિરોધ(પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિને)ને સિદ્ધ કરશે જ (શ્રીહરિ.સ્વ.સ્વ.સ્થા.પ્ર.૧૮).

## (७) सेवार्थ-आजिविका

**(क)**

याममात्रं भगवत्सेवां विधाय पश्चाद् अनिषिद्धेन उपायेन जीवनं सम्पादयेत्. पारम्पर्यजीवनमपि निषिद्धं चेत् तदा त्यक्तव्यम्. **''अचौराणाम् अपापानाम्...''** इति वचनात्. जीविकायां चित्तं व्यापृतं पुनः भगवति योजनार्थम् उपायम् आह



**''पठेच्च नियमं कृत्वा''** इति. अनेन अल्पबहिर्मुखतायामपि श्रीभागवतम् अनुसन्धेयम् इति उपायः कथितः.

(त.दी.नि.प्र.२।२३२).

(गुर्जरभाषा-भावानुवादः)

**(ક)** દિવસમાં ઓછામા ઓછા ત્રણ કલાક સેવા કરી લીધા પછી શાસ્ત્રમાં નિન્દિત ન હોય તેવા પ્રકારે આજીવિકાનું ઉપાર્જન કરવું જોઇએ. કુલપરંપરાથી ચાલી આવતી પણ આજીવિકાનો પ્રકાર (દેવલકાદિવૃત્તિ જેવો) જો શાસ્ત્રનિન્દિત હોય તો તેને છોડી દેવો જોઇએ કેમકે **''અચૌરાણામ્ અપાપાનામ્...''** એ વચનથી આ જ સિદ્ધ થાય છે. આજીવિકામાં લાગેલા ચિત્તને ભગવાનમા લગાવવાનો ઉપાય કહેવામા આવે છે **''ભાગવતનો નિયમપૂર્વક પાઠ કરવો જોઇએ''**. થોડી પણ બહિર્મુખતાની સમ્ભાવના લાગતાં ભાગવતનું અનુસન્ધાન ઉપાયરૂપે કહેવામાં આવ્યું છે. (ત.દી.નિ.પ્ર.૨।૨૩૨).

**(ख)** श्वानं श्वपाकं प्रेतधूमं देवद्रव्योपजीविनं ग्रामयाजकं सोमविक्रयिणं चितिं चितिकाष्ठं मद्यं मद्यभाण्डं सस्नेहं मानुषास्थिं शवस्पृशं महापातकिनं शवं स्पृष्ट्वा सचैलम् अम्भोऽवगाह्य उत्तीर्य अग्निम् उपस्पृश्य गायत्र्यष्टशतं जपेत्. धृतं प्राश्य स्नात्वा त्रिराचमेद् इति च्यवनवचनात्.

**चितिञ्च चितिकाष्ठञ्च पूयं चंडालमेव च ।**

**स्पृष्ट्वा देवलकञ्चैव सवासा जलमाविशेत् ।।**

**देवार्चनपरो यस्तु वित्तार्थी वत्सरत्रयम् ।**

**स वै देवलको नाम हव्यकव्येषु गर्हितः ।।**

(श्रीपुरुषोत्तमजीकृत-द्रव्यशुद्धि).

(गुर्जरभाषा-भावानुवादः)

**(ખ)** કુતરો, ચાણ્ડાલ, પ્રેતધૂમ, દેવદ્રવ્યોપજીવી, ગ્રામયાજક, સોમવિક્રેતા, ચિતા, ચિતાકાષ્ઠ, ચરબીયુક્ત માનુષાસ્થિ શબને સ્પર્શ કરવાવાળાનો મહાપાતકીનો તથા શબનો સ્પર્શ કરનારે વસ્ત્ર સહિત જલમાં ડુબકી લગાવી, અગ્નિનો ઉપસ્પર્શ કરી, એકસો આઠ ગાયત્રી મન્ત્રનો જપ કરી, ધૃતપ્રાશન કરી ત્રણ વખત આચમન કરવું જોઇએ એવું ચ્યવન ઋષિનું વચન છે. ચિતા ચિતાના લાકડા, પૂય, ચાણ્ડાલ

તથા દેવલક નો સ્પર્શ થયે વસ્ત્ર સહિત જલમાં ડુબકી લગાવવી જોઇએ. ત્રણ વર્ષ પર્યન્ત જે વિત્તાર્થી થઇને દેવાર્ચન કરે છે તેને હવ્ય-કવ્યમાં ગર્હિત સમજવો જોઇએ (શ્રીપુરુ.દ્રવ્યશુદ્ધિ).

## (૮) सेवाकर्ता तथा सेवापरिचारक

**(क)**

**भार्यादिरनुकूलश्चेत् कारयेद् भगवत्क्रियाम्।**
**उदासीने स्वयं कुर्यात् प्रतिकूले गृहं त्येजत्।।**

एवं प्रवृत्तस्य भार्यादीनां विनियोगम् आह ''**भार्यादिरनुकूलश्चेद्**''इति. भार्यादिकं गृहं, विष्णुपराङ्मुखाः भार्यादयो अन्यथा परित्यागे दोषएव. अनेन अवैष्णवैः सह अस्मिन्मार्गे न स्थातव्यम् इति उक्तं भवति.

(त.दी.नि..प्र.२।२३१)

(गुर्जरभाषा–भावानुवादः)

(ક) પત્ની વિગેરે જો સેવામાં અનુકૂલ હોય તો તેમનાથી પ્રભુસમ્બન્ધી ક્રિયા=પરિચર્યા કરાવવી જોઇએ. જો તેઓ ઉદાસીન હોય તો જાતે જ કરવી જોઇએ અને જો તેઓ પ્રતિકૂલ હોય તો ઘર વિગેરેનો ત્યાગ કરવો જોઇએ. આ પ્રકારે સેવામાં પ્રવૃત્ત અધિકારીના પત્ની આદિનો ભગવત્સેવામાં વિનિયોગ કહેવામાં આવી રહ્યો છે ''પત્ની આદિ અનુકૂલ હોય તો''. 'ગૃહ' એટલે પત્નીવિગેરે. આમનો પરિત્યાગ જો તેઓ વિષ્ણુપરાઙ્મુખ હોય તો જ કરવો. અન્યથા નહિં કેમકે તે સ્થિતિમાં તેને દોષરૂપ માનવામાં આવ્યું છે. આ કહેવાનો આશય એ કે આ માર્ગમાં અવૈષ્ણવ સાથે રહેવું જોઇએ નહિ (ત.દી.નિ.પ્ર.૨।૨૩૧).

**(ख)**

**तत्रादौ शरणं यातः किं कुर्यादिति चोच्यते।**
**श्रीमदाचार्यमार्गीयगुरुणा शरणं गतः।।**



**स्वामित्वेन हरिं स्वं तु सेवकत्वेन भावयेत्।**

..............................

**एवमाश्रित्य धर्मोऽयं संक्षेपेण निरूपितः।**
**...अतः परं क्रमेणैव जीवः कृतसमर्पणः।।९–१०।।**

..............................

**सेवासंस्काररूपत्वाद् विदध्यात्सेवनां सदा।**
**...सर्वथा सर्वदैवापि नचाद्यादसमर्पितम्।।२५–२६।।**
**तद्भक्षणे भवेदेवाब्रह्मसम्बन्धि वस्तुतः।**
**सर्वत्र ब्रह्मसम्बन्ध–भावना–नाशएव हि।।२७।।**
**यथा समर्पणे योग्यं यत् तथा तत् समर्पयेत्।**

..............................

**गृहे स्थित्वा सेवनार्थं स्वधर्मेणैव सर्वथा।**
**कृष्णं भजेत् यतो अधर्मकरणात् हीनयोनिता।।४५।।**
**कृष्णमूर्तौ यथालब्धैर्द्रव्यैः सम्पूजयेद् हरिम्।**
**पूर्वं स्थानं मन्दिरादि तथा सिंहासनादि च।।४६।।**

..............................

**भार्यादीनामानुकूल्ये तैः सेवामेव कारयेत्।।५६।।**
**स्वयं कुर्याद् उदासीनतया तेषां पुनः स्थितौ।**
**अपकीर्तिभयात् कृष्णसेवा–वैयग्र–संभवात्।।५७।।**
**स्वकृत–ब्रह्मसंबन्धं विभाव्य हृदि सर्वथा।**
**तत्पोषणं प्रकुर्वीत रुग्णदेहवदातुरः।।५८।।**

**(श्रीहरिरायजीकृत.स्व.श.स.से.नि.९–५८).**

(गुर्जरभाषा–भावानुवादः)

(ખ) સર્વપ્રથમ શરણાગત અધિકારીએ શું કરવું જોઇએ એ હવે કહેવાઇ રહ્યું છે: શ્રીમદ્વલ્લભાચાર્યદ્વારા પ્રવર્તિત માર્ગના ગુરુ દ્વારા જેમણે શરણાગતિની

દીક્ષા લીધી હોય તેમને માટે એ આવશ્યક છે કે હરિને સ્વામી માને અને પોતાને સેવક...આ પ્રમાણે સંક્ષેપમાં શરણાગત અધિકારીના ધર્મનું નિરુપણ કર્યું...

હવે ક્રમ પ્રમાણે જ જે જીવે સમર્પણ કર્યું હોય તેના ધર્મો કહેવાય છે. સમર્પણની દીક્ષા સેવાર્થ અપેક્ષિત સંસ્કારરૂપ હોવાથી તે દીક્ષિત વ્યક્તિએ તો સર્વથા સેવા જ કરવી જોઇએ... સર્વથા સર્વદા જ અસમર્પિતનું ભક્ષણ ન કરવું જોઇએ કેમ કે અસમર્પિતનું ભક્ષણ કરતાં (બ્રહ્મસમ્બન્ધી) વસ્તુતઃ અબ્રહ્મસમ્બન્ધી થઇ જાય છે અને બ્રહ્મસમ્બન્ધની ભાવનાનો સર્વત્ર નાશ જ થઇ જાય છે. જે વસ્તુ જે પ્રમાણે પ્રભુને સમર્પિત થઇ શકતી હોય તે પ્રમાણે તે વસ્તુ પ્રભુને સમર્પિત કરવી જોઇએ. ઘરમાં રહીને જે સેવા કરવાની કીધી છે તે સર્વથા સ્વધર્માનુસાર જ કૃષ્ણભજનના રૂપમાં કરવાની છે, કારણકે અધર્મ કરતાં હીનયોનિમાં જન્મ મળી શકે છે. યથાલબ્ધ દ્રવ્યોથી હરિનું પૂજન તેમની મૂર્તિના રૂપમાં કરવું જોઇએ. હરિપૂજન કરતાં પહેલા શ્રીહરિના બિરાજવાના સ્થાનરૂપ મંદિરાદિ અને સિંહાસનાદિ નું પણ અલંકરણાત્મક પૂજન કરવું જોઇએ... પત્ની વગેરે જો ભગવત્સેવામાં અનુકૂલ હોય તો તેમનાથી સેવા જ કરાવવી જોઇએ, પણ જો તેઓ ઉદાસીન હોય તો પોતે જ ભગવત્સેવા કરી લેવી જોઇએ. ઉદાસીન પરિવારજનો પાસે જબરદસ્તી સેવા કરાવતાં સેવામાં વ્યગ્રતા અને સેવાનિન્દા ની સંભાવના રહેલી છે. તેવી સ્થિતિમાં જેમ આપણા જ દેહમાં કોઇક એવી માંદગી થાય કે જેમાં ભગવત્સેવા પણ ન થઇ શકતી હોય તો તેમાં દેહનું પાલન જેવી રીતે કરવું પડે છે તેમ તેવા ભગવત્સેવામાં ઉદાસીન પરિવારજનોનું ભરણપોષણ પણ આપણે પોતે કરેલ બ્રહ્મસમ્બન્ધનું હૃદયમાં અનુસન્ધાન કરીને રુગ્ણપરિવારની ભાવના રાખીને કરવું જોઇએ.(શ્રીહરિ.સ્વ.શ.સ.સે.નિ.૯-૫૮).

## (९) सेवोपदेष्टा

**(क)** परमत्र न सर्वेषां फलमुखाधिकारः किन्तु येषु भगवत्कृपा कृपापरिज्ञानं च मार्गरुच्या निश्चीयते. तत्र आदितः साधनानि आह –

**कृष्णसेवापरं वीक्ष्य दम्भादिरहितं नरम् ।**

**श्रीभागवततत्त्वज्ञं भजेत् जिज्ञासुरादरात् ।।**

(त.दी.नि.२।२२७)

**'कृष्णसेवापरम्'** इति. यो हि गुरुः सेवाम् उपदेक्ष्यति स स्वयं चेत् तां उत्तमां जानीयात् तदा कथं स्वयं न कुर्याद् इति सेवापरएव गुरुः. तत्रापि निमित्तानि वारयति **'दम्भादिरहितम्'** इति. सेवाच प्रमाणमूलैव पुरुषार्थपर्यवसायिनी. अन्यथा मनसि अन्यद्विधाय अन्यथा करणे न फलसिद्धिः इति अभिप्रायेण आह **'श्रीभागवततत्त्वज्ञम्'** इति. **'जिज्ञासु'** न तु कौतुकाद्याविष्टः. भजनं – सर्वभावेन, तदा तदुक्तप्रकारेण भगवत्सेवा कर्तव्या.

(त.दी.नि.प्र.२।२२७).

**'वीक्ष्य'** इत्यनेन मार्गान्तराद् अत्र वैलक्षण्यं ज्ञापितम्. 'ईक्ष' दर्शनामनयोः, 'वि'ना च सम्यक्त्वं परीक्षणे द्योत्यते. तथाच तन्त्रे – ''गुरुः परीक्षयेत् शिष्यम्'' इति वाक्यात् शिष्यो यथा परीक्ष्यते तथा अत्र गुरुः. नोचेद् अतादृशस्य लोकानुगतपशुरूपत्वात् तादृशो अनुसरणे अन्धानुगान्धवद् उभावपि पतेताम्. एतदर्थमेव जलभेदग्रन्थकरणं ज्ञेयम्... तेन ब्रह्मसम्बन्धोपि फलमुखः तस्यैव इति सिद्ध्यति. एवम् अधिकारसूचनेन अनधिकार्यपि व्यावर्तितः.

(त.दी.नि.प्र.आवरणभङ्ग.२।२२७).

(गुर्जरभाषा–भावानुवादः)

(ક) આ માર્ગ, પરન્તુ બધાને ફલદાયક નીવડે તેવો અધિકાર દરેકનો હોતો નથી. તે તો ભગવાનની કૃપા જેઓના ઊપર વરસી હોય તેઓનો જ હોય છે. કોઇકના ઊપર ભગવાનની કૃપા છે કે નહિં તેની ખાતરી તે વ્યક્તિને કૃપૈકલભ્ય ભક્તિમાર્ગ કે પ્રપત્તિમાર્ગ માં રુચિ છે કે નહિ તેના આધારે કરવી જોઇએ.

જેઓના ઊપર ભગવત્કૃપા વરસી હોય તેઓને માટે શરુઆતથી જ કયા સાધનો છે તેનું નિરૂપણ કરવામાં આવે છે –

**કોઇક પુરુષ કૃષ્ણસેવામાં તત્પર છે કે નહિ. દમ્ભાદિ દુર્ગુણોથી રહિત છે કે નહિ; તેમજ શ્રીમદ્ભાગવતપુરાણના મર્મના જાણકાર છે કે નહિ આટલી વાતો સરખી**

રીતે ચકાસી લીધા પછી જ તેની પાસે ગુરુબુદ્ધિ રાખીને જવું જોઇએ (ત.દી.નિ.૨।૨૨૭).

જે પુરુષે આ માર્ગમાં ગુરુ તરીકે ભગવત્સેવાનો ઉપદેશ આપવાનો છે તે પોતે ભગવત્સેવાને ઉત્તમ ગણતો હોય તો શા માટે પોતે પણ ભગવત્સેવામાં તત્પર ન થાય ? તેથી ગુરુ કૃષ્ણસેવામાં તત્પર તો હોવો જ જોઇએ. તે કૃષ્ણસેવા ભક્તિભાવ શિવાય બીજા કોઇ પણ હેતુ(દમ્ભ-કામ-લોભ-પ્રતિષ્ઠા) થી પ્રેરિત ન હોવી જોઇએ. તેથી ગુરુ થવા જનાર પુરુષમાં દમ્ભાદિ દુર્ગણો ન હોવા જોઇએ. આ ભગવત્સેવા પણ જો યથોપદિષ્ટ પ્રામાણિક હોય તો જ સફલ થાય છે. નહિ તો બુદ્ધિ કે હૃદય માં કાંઇક ભળતા જ વિચારો કે ભાવો રાખીને જો સેવા કરવામાં આવતી હોય તો તેવી સેવા સફલ થતી નથી. તેથી ગુરુનું શ્રીમદ્‌ભાગવતતત્ત્વજ્ઞ હોવું પણ જરૂરી છે. એવો ગુરુને શોધનારો પણ પાછો જિજ્ઞાસુ હોવો જોઇએ. ફક્ત કૌતુક કે તેવા બીજા કોઇ ભાવોને રાખીને નવું-નવું કાંઇક અજમાવી લેવાની મનોવૃત્તિવાળો ન હોવો જોઇએ. તે પછી ગુરુએ ઉપદિષ્ટ પ્રકારે સર્વભાવથી ભગવત્સેવા કરવી જોઇએ. આ જ ભજન કરવાની સાચી રીતિ છે (ત.દી.નિ..પ્ર.૨।૨૨૭).

મૂલકારિકામાં **'વીક્ષ્ય'** પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે, તેથી બીજા માર્ગ કરતાં આ માર્ગની વિલક્ષણતા સમજાવવા માંગે છે. 'ઇક્ષ' નો અર્થ છે: 'જોવું-અંકિત કરવું'. તેની સાથે 'વિ' ઉપસર્ગ જોડીને શ્રીમહાપ્રભુ, ગુરુની પરીક્ષા સરખી રીતે કરવી તેવું સુચન કરવા માગે છે. જેમ તન્ત્રશાસ્ત્રમાં કહેવાયું છે કે ગુરુએ શિષ્યની પરીક્ષા કરવી જોઇએ તેમ આ માર્ગમાં શિષ્યે ગુરુની પરીક્ષા કરવી જોઇએ તેવો નિયમ છે. નહિ તો જે પુરુષમાં ઉપર જણાવેલા લક્ષણો ન મળતા હોય તેને ગાડરિયા પ્રવાહમાં તણાતો ઢોર જેવો ગણવો જોઇએ. એવાનું અનુસરણ કરવાથી એક આંધળો બીજા આંધળાને અનુસરે અને જ્યારે એક પડે ત્યારે બીજો પણ પડી જાય ! એવી કફોડી પરિસ્થિતિ સર્જાયા વિના નહિ રહે. શ્રીમહાપ્રભુએ 'જલભેદ'ગ્રન્થ પણ ગુરુની પરીક્ષા ક્યા આધારે કરવી તે સમજાવવા જ પ્રકટ કર્યો છે...આવી બધી વાતોની કાળજી રાખ્યા વિના બ્રહ્મસંબંધદીક્ષા સફલ થતી નથી. આમ બ્રહ્મસંબંધદીક્ષા આપવામાટે કોણ અધિકારી હોઇ શકે છે તે જણાવીને કોની પાસે બ્રહ્મસંબંદીક્ષા ન લેવી તે પણ શ્રીમહાપ્રભુજીએ સમજાવી દીધું છે (ત.દી.નિ.પ્ર.આ.ભ.૨।૨૨૭).



**(ख)**

**महात्म्यज्ञापनायैव श्रवणं गुणकर्मणाम्।**
**शास्त्राणामुपयोगोऽत्र तत्राकाङ्क्षा गुरोर्भवेत्।।**
**कृष्णसेवापरं वीक्ष्य दम्भादिरहितं नरम्।**
**श्रीभागवततत्त्वज्ञं भजेत् जिज्ञासुरादराद्।।**
**देहद्रोण्या यियासूनां परं पारं भवाम्बुधेः।**
**गुरुणा कर्णधारेण उत्तार्या स्वोपदेशतः।।**
**(साधनदीपिका.९-११)**

(गुर्जरभाषा-भावानुवादः)

(ખ) ભગવન્માહાત્મ્યજ્ઞાન મેળવવા માટે ભગવદ્‌ગુણો અને ભગવલ્લીલાઓ નું શ્રવણ આવશ્યક છે. શાસ્ત્રોની ઉપયોગિતા પણ અહીંજ ઉભી થાય છે. તેથી કૃષ્ણસેવામાં તત્પર દમ્ભાદિ દુર્ગુણોથી રહિત; તેમજ શ્રીભાગવતના મર્મજ્ઞ હોવાના રૂપમાં સરખી રીતે જોઇ-જાણીને જિજ્ઞાસુએ કોઇક પુરુષને આદરસહિત ગુરુ બનાવીને ભજનમાં પ્રવૃત્ત થઇ જવું જોઇએ. જેઓ પોતાના દેહની હોડકલીથી ભવસાગરને પાર કરવા માગતાં હોય તેઓના કર્ણધાર બનીને ગુરુએ પોતાના સદુપદેશથી તેમને પાર લગાડવા જોઇએ (સા.દી.૯-૧૧).

**(ग)**

**गुरुश्च भक्तिमार्गीयः कृष्णसेवापरायणः।**
**श्रीभागवततत्त्वज्ञो दम्भादिरहितो नरः।।**
**तदभावे तथाभूतोपदेशोऽत्र नियामकः।**
**अथाधुनिकतीर्थानाम् अतथाभूततोऽपि हि।।**
**उपदेशस्तथाभूतगुरोरिव फलिष्यति।**
**यदि दुःसङ्गदोषेण नान्यथा चेद् भवेन्मतिः।।**
**(श्रीहरिरायजीकृत.स्व.श.स.से.निरू.४९-५१).**

(ગુર્જરભાષા-ભાવાનુવાદઃ)

(ગ) ગુરુ પણ ભક્તિમાર્ગને અનુસરનારો, કૃષ્ણસેવાપરાયણ, શ્રીભાગવતના તત્ત્વનો જ્ઞાતા તથા દંભાદિથી રહિત એવો પુરુષ હોવો જોઇએ. આવા લક્ષણવાળો ગુરુ જો ન મળતો હોય તો આચાર્યવાણીરૂપ ગુરુ પાસેથી પણ સ્વકર્તવ્યનિયામક ઉપદેશ ગ્રહણ કરી શકાય છે. આચાર્યકુલોદ્ભૂત ગુરુસ્થાનાપન્ન આધુનિક ગોસ્વામિમહાનુભાવ જો ઉપર કહેલ લક્ષણોવાળા ન પણ હોય તો પણ જો તેમની પાસેથી મળતો ઉપદેશ સર્વલક્ષણસંપન્ન-શ્રીકૃષ્ણજ્ઞાનપ્રદ-ગુરુ-શ્રીમદાચાર્યચરણ-વચનાનુસારી હોય તો સદ્ગુરુ સમાન ફળને જ આપનાર હોઇ શકે છે, જો તેઓની બુદ્ધિ દુઃસંગાદિ (અર્થલોલુપ-વણિક-ટ્રસ્ટી-સંગાદિ) દોષથી અન્યથા (માર્ગવિપરીત) ન થઇ ગઇ હોય (શ્રીહરિ.સ્વ.શ.સ.સે.નિ.૪૯-૫૧).

**(घ)**

**अदम्भः सर्वथापेक्षारहितः करुणापरः।**
**विचार्य वरणं श्रीमदाचार्यपदसंश्रयः॥**
**स्वसेवकाय शुद्धाय सततं प्रयतात्मने।**
**प्रयच्छेत् तत् स्वरूपं तु फलरूपतया पुनः॥**
**(श्रीहरि.कृत.स्वमा.स्वरू.स्थाप.प्र.१६-१७).**

(ગુર્જરભાષા-ભાવાનુવાદઃ)

(ઘ) શ્રીમદાચાર્યચરણોનો સરખો આશ્રય પ્રાપ્ત કરીને, કોઇ પણ પ્રકારના દમ્ભની કે શિષ્ય પાસેથી કોઇ જાતની અપેક્ષા રાખવાની મનોવૃત્તિથી રહિત થઇને, ઉપસ્થિત જીવાત્માનું પરમાત્મા દ્વારા પુષ્ટિમાર્ગમાં વરણ કરવામાં આવ્યું છે. તેથી એવો જીવ પુષ્ટિલાભથી ક્યાંક વંચિત ન રહી જાય માત્ર આવો કરુણાભાવ રાખતાં, પુષ્ટિમાર્ગપર અગ્રસર થઇને સતત પ્રયાસ કરનાર પોતાના શુદ્ધ સેવકને માથે પુષ્ટ કરેલ સ્વરૂપને ફલરૂપે (નહિં કે ગુરુભાવે કે પોતાના સેવ્યસ્વરૂપથી ન્યૂન પુરુષોત્તમભાવે) પધરાવી દેવા જોઇએ.

(શ્રીહરિ.સ્વ.સ્વરૂ.સ્થા.પ્રકા.૧૬-૧૭).



**(ङ)**

**वञ्चकस्तु ततोऽप्येष दुष्ट इत्येव बुद्ध्यताम्॥१६॥**
**यतः तदाकृतिश्चेष्टा तथाचारश्च भाषणम्।**
**विनयः शान्तता वेशः शंखचक्रादिचिह्नतः॥१७॥**
**एवमाद्यखिलं तुल्यं भगवद्धर्मवर्तिभिः।**
**ततो ज्ञानाभावऽतोपि सर्वथा नाशनं मतम्॥१८॥**
**दुर्घटं तस्य विज्ञानं सर्वथा भक्तसाम्यतः।**
**अतएव न कर्तव्यो विश्वासो ह्यविचारितः॥१९॥**
**तदीयत्वभ्रमात्तस्मिन् विश्वासो संगदोषतः।**
**असत्यपि च सद्भावात्पतनं भक्तिमार्गतः॥२०॥**
**अतएवोक्तमाचार्यैः गुरोरपि च वीक्षणम्।**
**'कृष्णसेवापरं वीक्ष्ये'त्यादिपद्ये निबन्धगे॥२१॥**
................................
**सतोऽपि किञ्चिदाधिक्यं वञ्चके तु प्रतीयते।**
**प्रदर्शनार्थत्वतस्तु वेषादेरिह सर्वथा॥२५॥**
................................
**भगवद्भक्तसाम्येपि तदसाधारणो गुणः।**
**निरपेक्षत्वमेतस्मिंस्तदभावाद्धि वंचकः॥३२॥**
**अनाकारितएवासौ सङ्गे लगति सर्वथा।**
**प्रार्थिता भगवद्भक्ताः कृपयन्ति कथञ्चन॥३३॥**
**स द्रव्यमेव विज्ञाय सज्जते स्वार्थमोहितः।**
**दीनेषु भगवद्भक्तास्तदर्थैकप्रसादकाः॥३४॥**
**चालयत्ययमुन्मार्गे मायाचाटुकसूक्तिभिः।**
**ते तु मार्गे चालयन्ति वचोभिः कटुकौषधैः॥३५॥**
**(श्रीहरिरायजीकृत दुःसंगविज्ञान निरू.१६-३५).**

(ગુર્જરભાષા-ભાવાનુવાદઃ)

(ડ) અન્દર તથા બહાર ના બન્ને ચોરો કરતાં વંચકને વધારે દુષ્ટ સમજવો જોઇએ. કેમકે તેની આકૃતિ, ચેષ્ટા, આચાર, ભાષા, વિનીતતા, શાન્તતા, વેશ, તથા શથચક્રાદિ ચિહ્ન વિ. બધું ભગવદ્ધર્માનુસાર ચાલવાવાળાની માફક જ હોય છે. જેઓને આવા વંચકોનું જ્ઞાન નથી હોતું તેઓનો સર્વરીતે નાશ જ થાય છે. ભક્તોની માફક દેખાવવાળા આ વંચકોને ઓળખવું અતિશય અઘરું કામ છે. તેથી જ વિચાર કર્યા વિના કોઇના પણ ઉપર વિશ્વાસ ન કરવો જોઇએ. ભગવદીયમાનીને જો આવા લોકો ઊપર વિશ્વાસ રાખવામાં આવે તો સનદોષ તથા અસત્પુરુષ ઉપર સદ્ભાવ રાખવાના દોષને કારણે ભક્તિમાર્ગ ઉપરથી બહાર ફેંકાઇ જવાય છે. તેથી જ શ્રીમહાપ્રભુએ નિબન્ધમાં **''કૃષ્ણસેવાપરં વીક્ષ્ય''** થી ગુરુનાં લક્ષણો બતાવ્યા છે તે અનુસાર ગુરુની પણ પરીક્ષા કરવી જોઇએ... સાચો ભક્ત અને વંચક ની વચ્ચે એક મોટો ભેદ આ જ હોય છે કે વંચક પોતાની વેશભૂષા ( તિલક-છાપા, આચાર-અપરસ, નિત્યસેવા, છપ્પનભોગાદિમનોરથો 'મારો બાલૂડો' જેવી મિથ્યા ભાવુકવાણી) વિગેરે જાહેરમાં ડોળ-દેખાવમાટે જ અપનાવતો હોય છે. તેથી એક સાચો ભક્ત પોતાના ભાવસામર્થ્યને અનુરૂપ જેટલી માત્રામાં આ બાહ્યલક્ષણોને નભાવી શકે છે, તેના કરતાંય કાંઇક વધૂ પડતા પ્રમાણમાંજ આ બાહ્યલક્ષણોનું આડંબર વંચક કરતો હોય છે. આમ બીજી બધી બાબતોંમાં, વંચક અને સાચો ભક્ત એકસરખાં જ લાગતા હોય છે, પરન્તુ એક સાચો ભક્ત પોતાના ભક્તિભાવને જનતા ('ક્યૂ' લગાડીને) જોવા આવે એવી અપેક્ષા (જેમ વંચકો છાપાઓમાં જાહેરાત આપીને અથવા તો ઘરના બારણા ઉપર પાટિયા વિગેરે મુકાવીને લોકો તેમના ઠાકોરજીની સેવા કે મનોરથો જોવા આવે તેવી અપેક્ષા રાખતા હોય છે !) ક્યારેય રાખતો નથી. પોતાના સેવ્ય પ્રભુને રિઝાવવામાં રૂપિયા-પૈસા ફેકનારા દર્શનાર્થીઓની અપેક્ષા ન રાખવી તે વંચકથી નભી શકે તેવી વાત નથી ! બસ આ જ એક લાક્ષણિક વૈશિષ્ટ્યના આધારે વંચકને પિછાણી લેવું અઘરું રહી જતું નથી. ભગવદ્ભક્તમા નિઃસ્વાર્થ હોવાનો જે અસાધારણ ગુણ હોય છે તે વંચકમાં ન હોવાથી તે તરત જ ઓળખાઇ આવે છે. વંચક તો વગર બોલાવે જ પાછળ પડી જતો હોય છે. જ્યારેકે સાચો ભક્ત તો અનેક વાર વિનવ્યા પછી જ ક્યારેક કાંઇક કૃપા કરતા હોય છે. વંચક તો સ્વાર્થથી મોહિત હોવાને કારણે દ્રવ્યસમ્પન્ન લોકોની પાછળ પડી જતો હોય છે જ્યારે ભગવદ્ભક્ત તો ગરીબ લોકો સાથે પણ એમના કલ્યાણનો વિચાર કરીને સન કરે છે. વંચક લોકો કપટ તથા ચાપલૂસી ભરેલી વાતોથી લોકોને માર્ગની વિપરીત દિશા તરફ દોરી જતાં હોય છે. જ્યારે કે ભગવદ્ભક્ત તો કડવી દવા જેવા સિદ્ધાન્તવચનો દ્વારા લોકોને સન્માર્ગ તરફ દોરી જતા હોય છે (શ્રીહરિ.દુ.વિ.પ્ર.૧૬-૩૫).



**(ચ)**

**यो वदत्यन्यथावाक्यम् आचार्यवचनात् जनः।**
**संसृतिप्रेरको वापि तत्सङ्गो दुष्टसङ्गमः।।**
**यश्च कृष्णे रतिं नित्यं बोधयत्यप्रयोजनाम्।**
**निरपेक्षः सात्त्विकश्च तत्सङ्गः साधुसङ्गमः।।**

**(शिक्षापत्र.३।८-९)**

(ગુર્જરભાષા-ભાવાનુવાદઃ)

**(ચ)** આચાર્ય વચનથી વિપરીત કે સંસારપ્રેરક વાતો જે કરતો હોય તેનો સન દુષ્ટસન છે. જે કૃષ્ણમાં નિષ્પ્રયોજન નિત્યરતિ વધારવાની વાતો કરતો હોય તેમજ પોતે પણ નિરપેક્ષ તથા સાત્ત્વિક હોય તેનો સન સત્સન જાણવો (શિક્ષાપત્ર.૩।૮-૯).

**(છ)** तेन गुरुत्वमेव वृत्तित्वेन फलति, युक्तं च एतद् अनुपकृत्य परस्वग्रहणे ऋणित्वेन बन्धस्य प्रसञ्जनात्. किञ्च ऋतोत्तरम् अमृताख्यायाः अयाचितवृत्तेः उक्तत्वात् तस्यामपि शिष्यस्यैव ग्राह्यं न इतरस्यतु एवं संकोचे तस्यामपि प्रशस्तत्वसिद्धिः (श्रीपुरुषोत्तमजीकृत-स्ववृत्तिवाद).

(ગુર્જરભાષા-ભાવાનુવાદઃ)

(છ) આનાથી સિદ્ધ થાય છે કે ગુરુત્વ એ આપણી આજીવિકા કે વૃત્તિ છે. એ યોગ્ય જ છે કેમકે કોઇ પણ કાર્ય કર્યા વિના જ કોઇનું ધન લઇ લેવાથી તેના ઋણી થવાય છે જે બન્ધનકારી બને છે. તે સિવાય ઋત વૃત્તિના પછી 'અમૃત' નામની જે અયાચિત વૃત્તિ કહેવામા આવી છે તેને અપનાવતાં પોતાના શિષ્ય સિવાય અન્ય કોઇ પણ પાસેથી દ્રવ્યાદિગ્રહણ ન કરવામા આવતું હોય તો તેવો સપોચ હજી વધુ પ્રશંસનીય ગણાય (શ્રીપુરુષોત્તજીકૃત-સ્વવૃત્તિવાદ).

**(ज)**

गुरुणा वेशादिना मार्गरुचिं परीक्ष्य जिज्ञासां च अवगत्य प्रश्नानन्तरं सेवादिकम् उपदेष्टव्यम् इति.

(त.दी.नि.प्र.आ.भङ्ग.२।२५५-२५६).

(गुर्जरभाषा-भावानुवादः)

**(જ)** ગુરુએ સેવોપદેશ-શ્રવણની ઇચ્છા રાખનારાના વેશવગેરે(ભાષા, ભાવ, રુચિ, આચાર-વિચાર)ના દ્વારા માર્ગરુચિની પરીક્ષા કરીને તથા જિજ્ઞાસાને પણ જાણીને તેના અનુરૂપ પ્રશ્ન કરે ત્યારે જ તેને સેવા વિગેરેનો ઉપદેશ કરવો જોઇએ (સ.નિ.આ.ભં.૨૨૫-૨૫૬).

## (१०) भागवतकथा

**(क)**

**.........ततो भागवतं कृतम्।**
**एतदभ्यसनात् लोको मुच्यतेऽनुपजीवनात्।।५७।।**
**साधनं परमेतद्धि श्रीभागवतमादरात्।**
**पठनीयं प्रयत्नेन निर्हेतुकम् अदम्भतः।।२४३।।**
**पठनीयं प्रयन्तेन सर्वहेतुविवर्जितम्।।**
**वृत्त्यर्थं नैव युज्जीत प्राणैः कण्ठगतैरपि।।**
**तदभावे यथैव स्यात् तथा निर्वाहमाचरेत्।।।२५३-४।।**

**(त.दी.नि. – २।६७,२४३,२५४).**

(गुर्जरभाषा-भावानुवादः)

(ક)...ત્યારે વ્યાસજીએ ભાગવત પુરાણ પ્રકટ કર્યું જેના અભ્યાસ(શ્રવણ-સ્મરણ-કીર્તન)થી લોકો મુક્ત થઇ શકે છે પરન્તુ જો ભાગવતનો આજીવિકાર્થ



ઉપયોગ ન થતો હોય તો જ. આ ભાગવત જ એક શ્રેષ્ઠ સાધન છે તેથી પ્રયત્નપૂર્વક, કોઇ પણ લૌકિક હેતુ કે દમ્ભ વિના, આદરપૂર્વક આનો પાઠ કરવો જોઇએ, ભાગવતનો પાઠ પ્રયત્નપૂર્વક અન્ય કોઇ પણ હેતુ વિના જ કરવો જોઇએ. પ્રાણ આપણા કણ્ઠ સુધી પણ કેમ ન આવી જાય પરન્તુ આજીવિકાર્થ તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો જોઇએ. ભાગવતનો આજીવિકાર્થ ઉપયોગ ન કરીને બીજી જે કોઇ પણ રીતે થઇ શકે તે રીતે પોતાનો નિર્વાહ ચલાવવો જોઇએ (સ.નિ.૬૭. ૨૪૩,૨૫૪).

**(ख)**

**जलार्थमेव गर्तास्तु नीचा गानोपजीविनः।।**

(जलभेद.५).

पञ्चमं भावम् आहुः **'जलार्थमेव'** इति. प्रक्षालनोच्छिष्ट-जलप्रक्षेपार्थमेव ये गर्ताः तत्तुल्याः **नीचाः गानोपजीविनः** इति अर्थः... तेन उच्छिष्ट-गर्त-जलवत् तेषां भावो न सद्भिः ग्राह्यः इति अर्थः... पौराणिकनिरूपणानन्तरं पुनः यद् गायकनिरूपणं तद् एतादृशानां पौराणिकानाम् एतद्गायक-तुल्यत्व-ज्ञापनार्थम्.

(श्रीकल्याणरायविरचित-जलभेद-विवृति.५).

(गुर्जरभाषा-भावानुवादौ)

**(ખ) જે લોકો ભગવદ્‌ગુણગાનને પોતાની આજીવિકાનું સાધન બનાવે છે તેવા ગુણગાન કરનારાઓ તો અપવિત્ર-મલિન જલને ભેગું કરવા માટે જમીનમાં ખોદવામા આવતા ખાડા જેવા હોય છે.(જલભેદ.૫)**

શ્રીમહાપ્રભુ પાંચમાં ભાવનું વર્ણન કરવામાટે **''જલને ભેગું કરવા માટે''** શબ્દપ્રયોગ કરે છે. મોઢુંવગેરે ધોવામાં વપરાયેલ અપવિત્ર જલને ભેગું કરવા માટે જમીનમાં જ ખાડો ખોદવામા આવે છે તેના જેવા નીચ ભગવદ્‌ગાનોપજીવીઓ હોય છે...આથી એ આશય પ્રકટ થાય છે કે વપરાયેલું ગંદુ-અપવિત્ર જળ જેમ વપરાશમાં લેવાતું નથી તેમ ભગવદ્‌ગાનોપજીવિઓના ભાવો સારા મનુષ્યો માટે ગ્રાહ્ય નથી હોતા...પૌરાણિકોના ભાવનું નિરૂપણ કરીને ગાયકોના જે આ ભાવનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે આવા (આજીવિકાર્થ પુરાણોનું ઉપયોગ કરનાર) પૌરાણિકો આવા ગાયકોના સમાન છે તે દેખાડવા માટે (શ્રીકલ્યાણ.વિ.જ.ભે.૫).

## (११) स्वसेव्य-स्वरूप-प्रसाद-ग्रहण

**(क)** अपरञ्च दाने हि न स्वविनियोगः नतु निवेदने अन्यथा निवेदितान्नादेः भोजनं न स्याद् अनिवेदितस्य निषिद्धत्वात्. निवेदितानाम् अर्थानां भगवद्भोगार्थं विनियोगे जाते तद्दत्तप्रसादत्वेन स्वोपभोगकृतिः उचिततरा दासधर्मत्वात्.

(नवरत्नविवृति.१).

**'अपरञ्च'** इत्यादि दानं नाम स्वत्व-परित्याग-पूर्वकः परस्वत्वोत्पादनानुकूलः ''तुभ्यम् अहं सम्प्रददे न मम'' इत्यादि शब्दाभिव्यंग्यो मनोव्यापारः तस्मिन् कृते सति **'हि'** निश्चयेन **'न स्वविनियोगः'** दत्तापहार-दोषोत्पादकत्वात्. निवेदनं तु तदीयत्वानुसन्धानपूर्वकः स्वत्वाभिमानत्यागानुकूलः ''तुभ्यं समर्पयामि-निवेदयामि'' इत्यादिशब्दाभिव्यंग्यः तद्विलक्षणो मनोव्यापारः तस्मिन् कृते तु नः स्वविनियोगो दोषाय दत्तापहारदोषानुत्पादकत्वात्.

(श्रीपुरुषोत्तमजीकृत.न.वि.प्र.१).

(गुर्जरभाषा-भावानुवादः)

(ક) અપરઞ્ચ ભગવત્સ્વરૂપને માટે દાન(ભેટ)ના રૂપમાં કઈ પણ આપ્યા પછી આપણા કોઈ પણ કાર્યમાં તે વસ્તુનો ઉપયોગ કરી શકાતો નથી, પરન્તુ ભગવત્સ્વરૂપને કોઈ વસ્તુનું નિવેદન કરવામા આવે ત્યારે આ વાત લાગુ પડતી નથી. નહિં તો પ્રભુને નિવેદિત અન્નાદિનું પણ ગ્રહણ કરી શકાય નહિં. વળી અનિવેદિત વસ્તુનો ઉપભોગ તો નિષિદ્ધ જ છે. તેથી નિવેદિત વસ્તુનો ભગવત્સેવામાં વિનિયોગ થયા પછી ભગવત્પ્રદત્ત પ્રસાદના રૂપે ભક્ત દ્વારા ઉપભોગ તો ઉચિત જ છે, દાસનો ધર્મ તેમ કરતાં નભતો હોવાથી (ન.વિ.૧).

''અપરઞ્ચ...'' આપણા સ્વામિત્વને છોડીને કોઈક પારકાનું સ્વામિત્વ ઊભું કરવું જેવુંકે ''આ હૂં તને આપું છું-હવે આ વસ્તુ મારી નહિં રહે'' એવા શબ્દો



દ્વારા અભિવ્યક્ત કરવામા આવતા સપલ્પથી 'દાન' આપવામા આવે છે. દાન આપતાં કોઈ પણ સંજોગોમા આપેલી વસ્તુનો પોતાના માટે વિનિયોગની છૂટ નથી. તેમ કરતા આપેલું દાન પાછું ઝૂંટવી લેવાનો દોષ ગણાય. નિવેદન તો, જ્યારેકે, પોતાની બાબતમાં તદીય હોવાનું અનુસન્ધાન રાખીને સ્વામિત્વાભિમાન (નહિં કે સ્વામિત્વ) નો ત્યાગ કરવાથી થાય છે, જેને માટે ''આ હૂં તને સમર્પિત કરૂં છું-નિવેદિત કરૂં છું'' એવા શબ્દો વપરાય છે. આમા દાનથી કાંઇક જુદો જ સપલ્પાત્મક મનોવ્યાપાર હોય છે. આમા દાનથી કાંઈક જુદો જ સંકલ્પાત્મક મનોવ્યાપાર હોય છે. આમ નિવેદન કર્યા પછી નિવેદિત વસ્તુનો પોતાના ઉપભોગમાં વિનિયોગ દોષરૂપ થતો નથી. કેમકે બીજાને કશું અપાઈ નથી રહ્યુ કે નથી બીજાનું કાંઈ ઝૂંટવામા આવી રહ્યું (શ્રીપુરુષોત્તમજીકૃત ન.વિ.પ્ર ૧).

## (१२) तीर्थपर्यटन

वर्णाश्रम-युक्तानामपि वर्णाश्रमधर्मैः तीर्थानि विकल्पन्ते इति आह-

**यज्ञास्तीर्थानि च पुनः समानि हरिणा कृताः।**
**अतस्तेष्वप्रतिग्राही तद्दीनान्नाधिकस्य हि।।**
**हतत्रपः पठन्नित्यं नामानि च कृतानि च।**
**एकाकी निस्पृहः शान्तः पर्यटेत् कृष्णतत्परः।।**

...तत्र अटनप्रकारकम् आह 'अतस्तेष्वप्रतिग्राही' इति. तीर्थप्रवेशदिवसे तु उपवासः अग्रिमदिवसे यदि अन्नमात्रमपि नास्ति तदा तावन्मात्रं ग्राह्यं न तु ततो अधिकम्...उच्चैः नामसमीर्तनं तत्र अङ्गम् अन्तर्भगवत्स्मरणञ्च. एकाकी पर्यटेत्. न अत्र **''नैक प्रपद्येताध्वानम्''** इति स्मृतिदोषः पथि भोगाद्यर्थं स्पृहा न कर्तव्या शान्तश्च चित्ते भवेत्...

(त.दी.नि.प्र:२।२४८-९).

(गुर्जरभाषा-भावानुवादः)

વર્ણાશ્રમવાળા અધિકારિઓને માટે પણ વર્ણાશ્રમધર્મ તથા તીર્થયાત્રાના વચ્ચે વિકલ્પ સ્વીકારવામા આવ્યો છે એવું નિરૂપણ કરવામા આવે છે - યજ્ઞો તથા તીર્થોને ભગવાન હરિએ સમાન બનાવ્યા છે તેથી એક દિવસથી વધારે ચાલે તેટલી સામગ્રીનો પ્રતિગ્રહ કરવો નહીં. ભગવાનના નામ અને લીલાનો પાઠ નિઃસંકોચ કરતા રહેવું જોઈએ. માર્ગમાં કોઈ પણ જાતના ભોગ વિગેરેની સ્પૃહા રાખ્યા વિના શાન્તભાવથી યાત્રા કરવી જોઈએ.

... તીર્થાટનનો પ્રકાર નિરૂપિત થાય છે ''તેથી...''દ્વારા. તીર્થક્ષેત્રમાં પ્રવેશને દિવસે તો ઉપવાસ જ રાખવો જોઈએ. આગલા દિવસે જો ખાવાપૂરતો ખોરાક ન હોય તો તેટલો લઈ શકાય છે તેથી વધારે નહિ... વાણીથી ઉચ્ચ સ્વરથી નામસંકીર્તન અને હૃદયમાં ભગવત્સ્મરણ આ તીર્થયાત્રાના અંગ છે. પર્યટન એકાકીતયા કરવું જોઈએ. આમાં ''એકાકી યાત્રાએ ન જવું'' આ સ્મૃતિવચનમાં વર્ણવેલ દોષ લાગતો નથી. માર્ગમાં ભોગ વિગેરેની સ્પૃહા રાખવી નહિ. શાન્ત રહેવું જોઈએ (ત.દી.નિ.પ્ર.૨।૨૪૮-૯).

## (१३) आचार्यवचनाशयनिर्धारणप्रकारोपसंहार

**(क)**

**तस्माच्छ्रीवल्लभाख्य त्वदुदितवचनादन्यथा रूपयन्ति।**
**भ्रान्ता ये ते निसर्गत्रिदशरिपुतया केवलान्धन्तमोगाः।।**
**(श्रीप्रभुचरण-कृत-वल्लभाष्टक ३).**

(गुर्जरभाषा-भावानुवादः)

**(ક) હે શ્રીવલ્લભ ! આપે કહેલ વચનોથી વિપરીત જેઓ કોઈ કાંઇક કહે છે તો તેઓ બધા ભ્રાન્ત અને કેવલ અન્ધન્તમ નરકને પ્રાપ્ત થનારા સહજ આસુરી જીવ છે. (શ્રીપ્રભુચરણ-કૃત-વલ્લભાષ્ટક ૩).**

**(ख)**



**तदाश्रयो न वचनैः किन्तु तन्मार्गनिष्ठया।**
**मार्गनिष्ठा न स्वबोधैः किन्तु तादृग्गुरूदितैः।।**
**गुरूदितानि वाक्यानि न स्वतो ह्यनुवादतः।**
**अनुवादो न स्वबुद्ध्या किन्तु मूलक्रमागतः।।**
**अथापि तत्र चापेक्ष्यो दृढः स्वाचार्यसंश्रयः।**
(शिक्षापत्र ८।२६-२८).

(गुर्जरभाषा-भावानुवादः)

**(ખ)**શ્રીમહાપ્રભુજીનો આશ્રય માત્ર વાણીથી નહિં પરન્તુ શ્રીમહાપ્રભુજીના માર્ગમાં નિષ્ઠા રાખીને કરવો જોઇએ. વળી માર્ગમાં નિષ્ઠા પણ કોરી પોતાની સમજથી નહિં પરન્તુ માર્ગના ગુરુ દ્વારા કહેવામાં આવેલ વચનોના અનુસાર રાખવી જોઇએ. ગુરુના વચનોનો અર્થ પણ માત્ર પોતાની બુદ્ધિથી નહિં પરન્તુ અનુવાદતઃ સમજવો જોઇએ. વળી અનુવાદ પણ કેવળ પોતાની બુદ્ધિથી નહિં પરન્તુ મૂળક્રમ-પરમ્પરાના અનુસાર કરવો જોઇએ. આ બધા પ્રકારમાં પણ પુનઃ શ્રીમહાપ્રભુજીનો દઢ આશ્રય તો જરુરી છે જ.(શિક્ષાપત્ર.૮ઃ૨૬-૨૮).

**(ग)**

**यो वदक्त्यन्यथा वाक्यम् आचार्यवचनाज्जनः।**
**संसृति प्रेरको वापि तत्सङ्गो दुष्टसङ्गमः।।**
**यश्च कृष्णे रतिं नित्यं बोधयत्यप्रयोजनाम्।**
**निरपेक्षः सात्विकश्च तत्सङ्गः साधुसङ्गमः।।**
**एवं निश्चित्य सर्वेषु स्वीयेषु अन्येषु वा पुनः।**
**महत्कुलप्रसूतेषु कर्तव्यः सङ्गनिर्णयः।**
**श्रीमदाचार्यचरणे मतिः स्थाप्या सदा स्वतः।**
**ततएव स्वकीयानां सिद्धिः कार्यस्य सर्वथा।।**
(शिक्षापत्र.३।८-११)

(ગુર્જરભાષા-ભાવાનુવાદઃ)

(ગ) આચાર્ય વચનથી વિપરીત જે વાત કરતો હોય અથવા જે સંસારપ્રેરક વાતો કરતો હોય એવાનો સન એ દુષ્ટસન છે. જે શ્રીકૃષ્ણમાં નિષ્પ્રયોજન નિત્યરતિ વધારવાની વાત કરતો હોય તથા જે પોતે પણ નિરપેક્ષ અને સાત્ત્વિક હોય તેનો સન એ સત્સન છે. આ કસોટી દરેક -સ્વમાર્ગીય, અસ્વમાર્ગીય; અથવા વલ્લભકુલમાં પ્રસૂત- ની સાથે કરવામા આવનાર સત્સંગને ચકાસવા માટે છે. પુષ્ટિમાર્ગીઓના બધા કાર્યો આથી જ સિદ્ધ થશે (શિ.પ.૩।૮-૧૧).

**।।सकलान्तरात्मा श्रीहरिः प्रसन्नो भवतु।।**



# परिशिष्टम् - १

## शरणागतिसम्बन्धिवचनावली

### (१)

(आश्रयस्वरूपलक्षणम्)

... ... ... ... आश्रयोऽतो निरूप्यते ।।
ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः ।।

(सर्वास्वप्यवस्थासु भगवदाश्रयस्य अनुष्ठेयत्वम्)

दुःखहानौ तथा पापे भये कामाद्यपूरणे ।
भक्तद्रोहे भक्त्यभावे भक्तैश्चातिक्रमे कृते ।
अशक्ये वा सुशक्ये वा सर्वथा शरणं हरिः ।।
अहमार-कृते चैव पोष्य-पोषण-रक्षणे ।
पोष्यातिक्रमणे चैव तथान्तेवास्यतिक्रमे ।।
अलौकिक-मनःसिद्धौ सर्वथा शरणं हरिः ।।

(भगवदाश्रयसिद्ध्यै क्रमिकोपाय[१-४]-चतुष्टयम्)

एवं चित्ते सदा भाव्यं वाचा च परिकीर्तयेत्[1] ।।
अन्यस्य भजनं तत्र स्वतोगमनमेव च ।
प्रार्थना कार्यमात्रेऽपि तथाऽन्यत्र विवर्जयेत्[२] ।।
अविश्वासो न कर्तव्यः सर्वथा बाधकस्तु सः ।
ब्रह्मास्त्रचातकौ भाव्यौ[३] प्राप्तं सेवेत निर्ममः ।।
यथाकथञ्चित् कार्याणि कुर्यादुच्चावचान्यपि ।
किंवा प्रोक्तेन बहुना शरणं भावयेद् हरिम्[४] हरिम् ।।